RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 299* Date: 26.08.2021 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### તાલિબાની કબજાના ૭ દિવસ પછી હોટલો, શાકભાજી માર્કેટ, કરિયાણા મોલો ખુલ્યા

# તાલિબાનીઓના આંતક વચ્ચે કાબુલના લોકલ બજાર ખુલ્યાં શોપિંગ માટે ભીડ થઈ



કાબુલ, તા.૨૫

તાલિબાની કબજાના ૭ દિવસ પછી એટલે કે ૨૧ ઓગસ્ટથી કાબુલન બજાર ખુલવા લાગ્યા હતા. શહેરના મોલ, હોટલ, મીટ-શાકભાજી બજાર, કરિયાણા સ્ટોર અને શોપિંગ માટે સૌથી જાણીતું ગુલબાર સેન્ટર પણ, જોકે સવાલ એક જ હતો કે સ્થિતિ કેવી છે.કાબુલના જ એક રહેવાસીએ હાલની ત્યાંની કહાની જણાવી છે. આ કહાની ત્યાંની ગલીઓની છે. તેના પગલે અમે અહીં તેનું નામ કાબુલીવાલાની કહાની એમ આપ્યું છે.

જોકે તેના કહેનારના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી, તેમને જ આ અંગે ના કહી છે. હાલ સ્થિતિ કઈક આવી છે. આ અંગેનો જવાબ શોધવા અમે એક કાબુલીવાલાને જ મળ્યાં. તે કાબુલમાં પત્રકારોના મદદગાર રહ્યાં છે, જોકે તે જર્નલિસ્ટ નથી. અમે તેમને કહ્યું હતું કે તમે કાબુલમાં ફરો, જે પણ દેખાય તેના ફોટા પાડજો, વીડિયો બનાવજો અને અહીંની સ્થિતિનો વોઈસ મેસેજ કરી દેજો. તે તૈયાર થઈ ગયા. સતત ત્રણ દિવસ સુધી એટલે કે ૨૧, ૨૨ અને ૨૩ ઓગસ્ટ સુધી તે રોજ કાબુલમાં લગભગ ૪૫-૫૦ કિમી ફરતા અને જે પણ તેમને દેખાય, તે મોકલતા. અમે તેમણે આપેલી માહિતીના આધારે ત્રણ રિપોર્ટ બનાવ્યા છે.

આજે પ્રથમ રિપોર્ટ કાબુલના બજાર, બેક્ર અને સ્કુલનો છે. ૨૧ ઓગસ્ટ, દિવસ શનિવાર, બપોરે લગભગ ૧૨ વાગ્યે, જગ્યા- કાબુલનું મલિક અજહ સ્ક્વેર. સાત દિવસ પછી લોકો ઘરની બહાર દેખાઈ રહ્યાં છે. રસ્તાઓ પર કાર, મોટરસાઈકલ, સાઈકલ દેખાઈ રહી છે. કેટલાક લોકો પગે ચાલતા આગળ વધી રહ્યાં છે. તેમાં બાળકો અને એક-બે મહિલાઓ પણ છે. રસ્તાઓ પર આઈસ્ક્રીવાળા પરત ફર્યા છે. ખાનારાઓ પણ દેખાઈ રહ્યાં છે. રસ્તાની બંને બાજુએ નારિયેળ પાણીથી લઈને ટાયર પંચરની દુકાનો, નાસ્તાવાળાની લારીઓથી લઈને આઈસ્ક્રીમની લારીઓ દેખાઈ રહી છે. દુકાનો પર ખરીદનારાઓની ભીડ છે. ઘણી દુકાનોની બહાર સ્ટાઈલિશ મહિલા મોડલ્સના હોર્ડિંગ્સ પણ લાગેલા છે. આ સ્ટોરીમાં સૌથી ઉપર લાગેલા વીડિયોમાં આ ચીજોનો વીડિયો પણ દેખાશે. ૨૨ ઓગસ્ટ, રવિવાર, બપોરે ૩ વાગ્યે, જગ્યા- કાબુલનું સૌથી જાણીતુ મોલ ગુલાબર સેન્ટર. મોલની ૭૦ ટકાથી વધુ દુકાનો ખુલ્લી છે. ગ્રાઉન્ડ ફ્લોર પર બનેલા ફૂડ કોર્ટમાં ૨૫-૩૦ લોકો દેખાઈ રહ્યાં છે. અડધાથી વધુ ખુરશીઓ ખાલી છે. પ્રથમ શનિવારની સાંજે અહીં બેસવાની જગ્યા પણ રહેતી નહોતી જોકે હાલ અહીં ૫-૬ પરિવાર જ દેખાઈ રહ્યાં છે. ૨૨ ઓગસ્ટ, રવિવારે સાંજે ૫ વાગ્યે, કાબુલનું ઓપેન માર્કેટ. બજારની બહાર કાર પાર્ક કરવા માટે જગ્યા શોધવી પડી રહી છે. લારી, નાના- સ્ટુલ અને નીચે લાકડાના સ્ટેન્ડ પર ચંપલ, વાસણોના દુકાનદારે બજાર સજાવ્યું છે. લોકો તેમાંથી તેમની પસંદગીની ચીજો ખરીદી રહ્યાં છે.ગુલબાર સેન્ટરની બરાબર સામે દાઉદજઈ બિઝનેસ સેન્ટર આવેલું છે. તેમાં કપડાની દુકાન ધરાવતા એક વ્યક્તિએ કહ્યું કે લગભગ ૫ વર્ષથી કાબુલના બિઝનેસમેન ખૂબ જ હેરાન રહ્યાં છે. અમારી પર તાલિબાન અને સરકાર બંનેનું દબાણ રહેતું. ક્યારે અમને કોણ દુકાન બંધ કરવાનું કહે, તેનો ખ્યાલ નહોતો. તાલિબાન આવવાથી હવે એક જ સરકારને જવાબ આપવો પડશે.

દુકાનદારો બૂમો પાડી-પાડીને ગ્રાહકોને બોલાવી રહ્યાં છે. ઘણા દુકાનદારો હાથગાડી પર સામાન ભરીને હજી પણ આવી રહ્યાં છે. બાળકો અને બુરખા પહેરેલી મહિલાઓ દુકાનમાંથી સામાનની ખરીદી કરી રહી છે. જોકે એવી સ્થિતિ હાલ સર્જાઈ છે કે પહેલા ૧૦૦ મહિલાઓ દેખાતી હતી, જેની સંખ્યા આજે ઘટીને ૩ કે ૪ થઈ છે. ૨૨ ઓગસ્ટની સાંજે ૬ વાગ્યે, કાબુલ સિટીના મુખ્ય મિરવાસ મેદાન બસ સ્ટોપ પર ઉભેલા ટેક્સીવાળા લોકોને શહેરના બીજા સ્ટોપ પર લઈ જવા માટે બૂમો પાડીને બોલાવી રહ્યાં છે.

નાના બાળકો અહીં પેસેન્જરોને પુછી રહ્યાં છે કે તેમને ક્યાં જવું છે. એક ટેક્સીવાળાએ કહ્યું કે બજાર ખુલ્યા પછીથી અહીં સતત લોકો આવી રહ્યાં છે. લોકોના હાથોમાં ખરીદેલો સામાન છે. અમે ૩ દિવસમાં ઈન્ટરનેશનલ ઈંગ્લિશ લેગ્વેજ ઈન્સ્ટીટ્યૂટથી લઈને શહેરની અલગ-અલગ જગ્યાએ બનેલી ૯ સ્કુલોમાં પહોંચ્યા. જોકે આ પૈકીની એક પણ ખુલ્લી નથી. એ વાત અલગ છે કે થોડા દિવસો પહેલા તાલિબાને બાળકોની સ્કુલમાં જતી તસ્વીર બહાર પાડી હતી. જોકે કાબુલના જે ભાગની આ તસ્વીર છે, ત્યાંની હાલ એક પણ સ્કુલ ખુલ્લી નથી. વેસ્ટર્ન યુનિયન, મની ગ્રામ, એક્સપ્રેસ મનીની સાથે કાબુલની તમામ બેક્ર બંધ છે. બેક્રની દેખરેખ રાખી રહેલા વ્યક્તિ સાથે વાત કરવાની કોશિશ કરી. તેમણે કહ્યું કે- બેક્રના કર્મચારીઓ તો નથી, જોકે સામાન્ય લોકો જરૂર પુછવા આવે છે કે બેક્ર ક્યારે ખુલશે. તાલિબાને જાહેરાત કરી છે કે બુધવારથી બેક્રોને ખોલવામાં આવશે.

ગુલબાર સેન્ટર મોલમાં પરફ્યુમની દુકાનના માલિક પોતે જ કાઉન્ટર પર બેસે છે. તેમનું કહેવું છે કે દેશમાં ઈસ્લામિક શાસન આવવાથી તેમને ખુશી છે. છેલ્લા ૨ વર્ષ તણાવવાળા રહ્યાં. એ વાત જ સમજાતી નહોતી કે કોઈનું સાંભળીએ. તાલિબાનીનું કે સરકારનું. અમને ડર રહેતો હતો.

## પાકિસ્તાની નેતાનો દાવો : તાલિબાન અમારું મિત્ર, તે અમને કાશ્મીર જીતીને આપશે

પાકિસ્તાન, તા.૨૫

અફઘાનિસ્તાન પર તાલિબાનોનું શાસન આવ્યા પછી પાકિસ્તાનના કેટલાક વિસ્તારોમાં કટ્ટરપંથી અને આતંકીઓ તાલિબાનના ધ્વજ લહેરાવી રહ્યા છે. કેટલાક વિસ્તારોમાં તો સમર્થનમાં રેલીઓ નીકળી રહી છે, પરંતુ સૌથી વધુ ચોંકાવનારી બાબત એ છે કે ઈસ્લામાબાદની સૌથી પ્રસિદ્ધ મસ્જિદ ઉપર તાલિબાનના ધ્વજ લહેરાઈ રહ્યા છે. પ્રશાસને એને એકવાર હટાવી લીધો હતો, પરંતુ પછી એને ફરી લગાવવાનો પ્રયત્ન થયો હતો.અફઘાનિસ્તાનમાં અશરફ ગનીની ભૂતપૂર્વ સરકાર જ નહી, પરંતુ સામાન્ય જનતા પણ દેશમાં આતંક માટે પાકિસ્તાનને જવાબદાર ઠેરવી રહી છે. ગનીએ લગભગ બે મહિના પહેલાં દુશાન્બેમાં અફઘાનિસ્તાનના બાબતો પરની બેઠક દરમિયાન ઈમરાન ખાનને કહ્યું હતું કે પાકિસ્તાન તેના દેશમાં હિંસા અને વિનાશ માટે જવાબદાર છે અને વિશ્વ એ જાણે છે.

## ઉત્તરાખંડમાં બે વખત વાદળ ફાટ્યું : દેહરાદૂનમાં રસ્તાઓ પાણી-પાણી

ઉત્તરાખંડ , તા.૨૫

ઉત્તરાખંડના દેહરાદૂનમાં મંગળવારે આકાશમાંથી આફત વરસી છે. અહીં સતત ૭ કલાક સુધી વરસાદ થયો હોવાના કારણે સ્થાનિકોની સ્થિતિ ખરાબ થઈ ગઈ છે. રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા. લોકોના ઘરોમાં પણ પાણી ઘૂસી ગયા હતા.

સંતલા દેવી વિસ્તારમાં બે વાર વાદળ ફાટવાના કારણે હાલત બેકાબૂ થઈ ગઈ હતી. જોકે સારી વાત એ રહી કે, કોઈના જીવ નથી ગયા. હવામાન વિભાગ (IMD)એ પહેલાં જ ૨૬ ઓગસ્ટ સુધી ઉત્તરાખંડમાં ભારે વરસાદની આગાહીની ચેતવણી આપી હતી. આ પહેલાં જ દેહરાદૂનમાં સતત ૭ કલાક સુધી વરસાદ ચાલુ રહ્યો હતો. તેના કારણે રસ્તાઓતો પાણી પાણી થઈ જ ગયા હતા તે ઉપરાંત લોકોના ઘરમાં પાણીની સાથે સાથે માટી અને મોટા મોટા પથ્થરો પણ ઘૂસી ગયા હતા. હાલત એવી થઈ ગઈ હતી કે જે જગ્યાએ મોટી મોટી ગાડીઓ ચાલતી હતી તે રસ્તાઓ પાર કરવા માટે SDRFને દોરડાનો સહારો લઈને લોકોનું રેસ્ક્યુ કરવું પડ્યું હતું. ભારે વરસાદના કારણે નદીઓમાં પૂરની સ્થિતિ છે. દેહરાદૂનના આઈટી પાર્ક જેવા પોશ વિસ્તારમાં પણ રસ્તાઓ પર નદીઓ વહેવા લાગી હતી. રસ્તાઓ પર એટલા પાણી ભરાઈ ગયા હતા કે વાહનવ્યવહાર પણ ઠપ થઈ ગયો હતો. ઘણી ગાડીઓ આ દરમિયાન રસ્તામાં ફસાઈ ગઈ હતી.

રસ્તો ક્રોસ કરાવવા માટે પણ SDRFએ આવવું પડ્યું હતું. આઈટી પાર્કથી જ SDRFએ ૧૨થી વધારે લોકોનું રેસ્ક્યુ કર્યું હતું. દેહરાદૂનના સંતલાદેવી મંદિર પાસે ખબડવાલાની હાલત વધારે ખરાબ છે. અહીં બે વાર વાદળ ફાટવાના કારણે ઘણાંના ઘરોમાં વરસાદના પાણીની સાથે સાથે પહાડ પરથી આવતો કાટમાળ પણ ઘૂસી ગયો છે. ઘણાં ઘરોમાં મોટા મોટા પથ્થરોની સાથે માટી પણ ઘૂસી ગઈ છે. સ્થિતિ એટલી ખરાબ થઈ છે કે, ઘરના છાપરા પણ ઉડી ગયા અને મોટા મોટા પથ્થરો પતરાં ચીરીને ઘરમાં આવીને પડ્યા છે. જોકે સારી વાત એ છે કે, કોઈના પણ જીવ ગયા નથી.

જોકે, લોકોના ઘર અને ઘરવખરી ચોક્કસ બરબાદ થઈ ગઈ છે. મંગળવારે રાતે વાદળ ફાટવાની માહિતી મળતાં અધિકારીઓની સાથે ખાબડવાલા વિસ્તાર પહોંચેલા કેબિનેટ મંત્રી ગણેશ જોશીએ જણાવ્યું કે, આખા વિસ્તારમાં કાટમાળ અને કિચડ ફેલાઈ ગયો છે. વધુમાં તેમણે જણાવ્યું કે, કાટમાળના કારણે તમને તેમના ગામ પહોંચવામાં પણ ઘણી મુશ્કેલી થઈ હતી. તેમણે જણાવ્યું કે, લોકોના ઘરો અને ખેતરોમાં પણ પાણી ફરી વળ્યા છે.

### ભારત આવેલા ૭૮ લોકોમાંથી ૧૬ને કોરોના પોઝિટિવ આવ્યા

## કાબુલથી ભારત આવેલા લોકોમાં કોરોના પોઝિટિવ આવતા ક્વોરન્ટીન કરાયા

ન્યુ દિલ્હી, તા.૨૫

અફઘાનિસ્તાનથી ભારત આવેલા ૭૮ લોકોમાંથી ૧૬ને કોરોના પોઝિટિવ આવ્યા છે. તમામ ૭૮ લોકોને ક્વોરન્ટીન કરાયા છે. આ તમામ ૧૬ લોકોમાં કોરોનાનાં કોઈ લક્ષણ નથી. ૧૬ લોકોમાં ત્રણ શીખ પણ સામેલ છે, જેઓ કાબુલથી શ્રી ગુરુ ગ્રંથ સાહિબની ત્રણ કોપી માથા પર ઉઠાવીને લાવ્યા હતા. કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરી દિલ્હી એરપોર્ટ પર એક કોપીને પોતાના મસ્તક પર રાખીને ચાલ્યા હતા. અત્યારસુધી ૬૨૬ લોકોને અફઘાનિસ્તાનથી ભારત લવાયા છે, જેમાં ૭૭ અફઘાનિસ્તાની શીખ, ૨૨૮ ભારતીય છે. વિશ્વની મોટી અર્થવ્યવસ્થાવાળા ૭ દેશ (જી૭)એ સોમવારે તાલિબાનને સ્પષ્ટ કહ્યું છે કે ૩૧ ઓગસ્ટ પછી પણ અફઘાનિસ્તાનમાં ફસાયેલા લોકોને કાઢવા માટે ઓપરેશન ચાલુ રહેશે. તાલિબાનને બસ એટલું કહેવાનું છે કે તે સુરક્ષિત રસ્તો આપે. આ સમૂહમાં અમેરિકા, બ્રિટન, કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઈટાલી અને જાપાન દેશ સામેલ છે. જો બાઈડને કહ્યું હતું કે કાબુલ એરપોર્ટ પર આતંકવાદી હુમલો થઈ શકે છે તેથી અમે સેનાને વધારે સમય ત્યાં રોકી શકીએ તેમ નથી.

સમૂહે કહ્યું હતું કે અફઘાનિસ્તાનના લોકોનું જીવન સુરક્ષિત બને એ અમારી જવાબદારી છે. અમારી કોશિશ હશે કે મહિલાઓના અધિકાર સહિત આતંકવાદ અને માનવાધિકાર પ્રત્યે તાલિબાનને જવાબદાર બનાવવામાં આવશે. બીજી તરફ યુરોપીય સંઘે અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડન સમક્ષ એવી માગ કરી છે કે રેસ્ક્યૂ-ઓપરેશન પૂર્ણ થાય ત્યાં સુધી અમેરિકાની સેના કાબુલ એરપોર્ટ પર તહેનાત રહે. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને (જી૭) સામેલ દેશોને કહ્યું કે ૩૧ ઓગસ્ટ સુધી કોઈપણ સંજોગોમાં અમેરિકાની સેના અફઘાનિસ્તાન નહીં છોડે. તેમણે કહ્યું હતું કે કાબુલ એરપોર્ટનું સંચાલન હાલ અમારી સેના કરી રહી છે, પરંતુ સ્થિતિ એવી છે કે તેઓ પર ગમે ત્યારે મોટો હુમલો થઈ શકે છે. આ બાબતને ધ્યાનમાં રાખીએ તો સમયસર અહીંથી નીકળવું જ યોગ્ય છે. બાઈડનનું આ નિવેદન ત્યારે આવ્યું છે જયારે તાલિબાની પ્રવક્તા છેલ્લા બે દિવસથી અમેરિકાને સતત સમયસર દેશ છોડવાની ચેતવણી આપી રહ્યા છે. તાલિબાન પ્રવક્તા ઝબીહુલ્લા મુજાહિદે મંગળવારે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. તેણે અમેરિકાને ચેતવણી આપી હતી કે કોઈપણ સ્થિતિમાં નાટોની સેના ૩૧ ઓગસ્ટ સુધીમાં અફઘાનિસ્તાન છોડી જતા રહે. અમે નક્કી કરાયેલો સમય વધારવા માંગતા નથી. અમેરિકાને અનુરોધ છે કે તેઓ અફઘાનિસ્તાનના સારા માણસોને ન લઈને જાય.

## અમેરિકા તાલિબાનના સંપર્કમાં હોવાનું જાણવા મળ્યું

કાબુલ/વોશિંગ્ટન, તા.૨૫

હાઈટ હાઉસની પ્રેસ કોન્ફરન્સમાં ત્યાના પ્રવક્તાને પૂછવામાં આવ્યું હતું કે અફઘાનિસ્તાનમાં સ્થિતિ ખૂબ જ ખરાબ હોવા છતાં ત્યાં અમેરિકાના કોઈ રાજદ્વારી શા માટે જતા નથી. આ પ્રશ્નનો કોઈ જ જવાબ આપવામાં આવ્યો ન હતો. બાઈડને કાબુલથી લોકોને એરલિફ્ટ કરવાના અભિયાનને ખૂબ જ પડકારજનક ગણાવ્યું હતું. અહેવાલ પ્રમાણે અમેરિકાના સહયોગી અને નાટો દેશના દબાણ કરી રહ્યા છે કે અમેરિકાના સૈનિક ૩૧ ઓગસ્ટ બાદ કેટલાક વધુ દિવસ સુધી કાબુલમાં રહેશે, જેથી તેઓ પોતાના નાગરિકો અને સહાયક અફઘાનોને પરત લાવી શકે. બીજી બાજુ, તાલિબાન ધમકી આપી રહ્યું છે કે જો અમેરિકાના સૈનિક ૩૧ ઓગસ્ટ બાદ પણ કાબુલમાંથી નહી નિકળે તો માઠી પરિણામ આવી શકે છે. આ મુશ્કેલીમાંથી બહાર આવવા માટે બર્ન્સને કાબુલ મોકલવામાં આવ્યા હતા. મુલ્લા બરાદર અને બર્ન્સ એકબીજા માટે નવા નથી. હકીકતમાં ૧૧ વર્ષ અગાઉ જ્યારે પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISIએ બરાદરને પોતાના વિસ્તારમાં ધરપકડ કરી અમેરિકાને સોંપી દીધો હતો. ત્યારે બર્ન્સ પણ આ મિશનનો ભાગ હતા. બરાદરને આઠ વર્ષ સુધી કેદ રાખવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૮માં તેને મુક્ત કરવામાં આવ્યો હતો.

કતાર અને દોહામાં અમેરિકા સાથે વાતચીત બાદ બરાદર તથા બર્ન્સ બન્નેનો સમાવેશ થતો હતો. બરાદર સોવિયત સેના સામે પણ લડી ચુક્યો છે. બર્ન્સ રશિયામાં અમેરિકાના રાજદૂત રહી ચુક્યા છે. એપ્રિલમાં પણ તેઓ એક ગુપ્ત મુલાકાત પર કાબુલ પહોંચ્યા હતા અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને રવિવારે કહ્યું હતું કે તેમના સૈનિકો ૩૧ ઓગસ્ટ બાદ પણ કાબુલમાં રોકાઈ શકે છે. તાલિબાને અમેરિકાને તેના માઠા પરિણામો ભોગવવાની ધમકી આપી હતી. આ સ્થિતિમાં અમેરિકાની ગુપ્તચર એજન્સી CIAના વડા વિલિયમ બર્ન્સ સોમવારે એક ગુપ્ત અભિયાન હેઠળ અચાનક કાબુલ પહોંચ્યા છે અને અહી તેઓ તાલિબાનના મુખ્ય નેતા મુલ્લા અબ્દુલ ગની બરાદર સાથે મુલાકાત કરી છે. આ બેઠક અંગેનો ખુલાસો અમેરિકના 'વોશિંગ્ટન પોસ્ટ' અખબાર દ્વારા કરવામાં આવ્યો છે. જોકે, અમેરિકાના વિદેશ મંત્રાલય કે વ્હાઈટ હાઉસે આ અંગે કોઈ પણ ટિપ્પણી કરવાનો ઈક્રાર કરી દીધો છે.

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ
સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે,એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.
BM MAGIC WATERPROOFING
9624163945(M)
8690089211(W)
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.
● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.
કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.
ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૭

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૨૫૩૪૭

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૭

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૧૫૧૦૮

## તંત્રી સ્થાનેથી...

### શરિયા કાનૂનની કેટલી વિચારધારા..? તાલિબાની કાનૂન બેહદ સખ્ત.....

*તાલિબાનોનો શરિયા કાનૂન કેવા છે તે સમજવું ઘણું જ મુશ્કેલ છે.... કારણ સૌથી વધુ રૂઢીવાદી વિચારધારા એટલે "હલબલી" અને તેમાં પણ બે શાખા છે "વહાબી" અને "સલાફી" . જેને સાઉદી અરબ અને તાલિબાનો અપનાવે છે. જ્યારે કે સૌથી ઉદારવાદી વિચાર ધારા કે જે ઉદારવાદી તર્કો પર આધારિત વિચારધારા છે. જેને "હનફી" કહે છે અને આ વિચારધારા પાકિસ્તાન, ભારત, મધ્ય એશિયા, ઈજીપ્ટ, ચીન અને તુર્કીના સુન્ની મુસ્લિમો અપનાવે છે, જ્યારે કે "સૈફી" વિચારધારા મલેશિયા, યમન, ઇન્ડોનેશિયા અને બ્રૂનેઈ દારુસલમમા અપનાવવામાં આવે છે. અને "જફરી" વિચારધારા મુખ્ય રૂપે શિયા બહુમતી ઈરાનમા અપનાવેલ છે. ટૂંકમાં વિશ્વના મુસલમાનોમાં વિવિધ વિચારધારાનો અમલ થઈ રહ્યો છે. ખરેખર તો શરિયાના નિયમો મૂળરૂપે "કુરાન" અને "હદિસ" નો સમન્વય છે. કુરાન ઇસ્લામનુ સર્વોચ્ચ પવિત્ર પુસ્તક છે જેમાં અલ્લાહના સંદેશાઓનું સંકલન છે અને "હદિસ" પયગંબર મોહમ્મદે બતાવેલ વાતોનો સંગ્રહ છે, જે વાતો તેમના સાથીદારો- સહયોગીઓને બતાવી હતી.*

*કુરાન હદીસ ઇસ્લામિક સ્કોલર્સ અને સમાજના મંતવ્યોના આધાર ઉપર શરિયા ચાલેછે. હદીસનુ સંકલન જૂદા જૂદા સમૂહો કે જૂથોએ કર્યુ છે. ઇસ્લામિક સ્કોલર્સના નજરમાં પણ ફર્ક હોઈ શકે છે, એટલા માટે જ શરિયા કાનૂન ક્યાંક બેહદ સખ્ત છે અને ક્યાંક કેટલાક અંશે નરમ હોય છે. ટૂંકમાં ઈસ્લામમાં મુખ્ય રૂપે ચાર વિચારધારા છે. અરબીમાં શરિયાનો મતલબ રસ્તો થાય છે.શરિયા કોઈ લિખિત પુસ્તક નથી કે જેના આધાર પર કોર્ટમા નિર્ણય થઇ શકે કે કરવામાં આવી શકે. આ એક નૈતિક સિધ્ધાંત છે કે જે મુસલમાનોને અલ્લાહની મરજી અનુસાર જીવવાનો રસ્તો બતાવે છે. આમાં રોજિંદી જિંદગી, પરિવાર, ધાર્મિક અને પૈસાથી જોડાયેલ દિશા અને નિર્દેશ હોય છે.....! અફઘાનિસ્તાનમાં ૧૯૯૯માં તાલિબાની શાસન હતું જેનો નિયમ હતો કોઈ મહિલા ઘરના પુરુષ વગર બહાર નીકળી શક્તી ન હતી.આવા સમયમા એક મહિલાનો પતિ કામ પર ગયેલ અને તે વધુ બીમાર પડતાં પોતાની પુત્રીનું મુંડન કરી છોકરાના કપડાં પહેરાવી દવાખાને પહોંચી દવા લીધી અને દવાખાના બહાર રસ્તામાં તાલિબાની સૈનિકોએ રોકી અને કાંઈ પણ પૂછ્યા વગર કોડાનો વરસાદ વરસાવ્યો તે પડી ગઈ ત્યારે છોડી.... અને પછી મહિલા રોતી રોતી ઘરે પહોંચી. એજ રીતે એક ૧૫ વર્ષની છોકરીના લગ્ન કરી નાખેલ તેનો પતિ બહુ જ મારકુટ કરતો જેના કારણે તે ભાગી ગઈ પરંતુ તાલિબાનોએ તેને પકડી પાડી અને તેના પતિને પરત આપી અને તેના જ પતિએ તેનું નાક કાપી નાખ્યું. જોકે છોકરી ભાગી જાય તે તાલિબાનોને પસંદ નથી. એ જ રીતે કામ પરથી પાછા ફરતી મહિલાનું તાલિબાનોએ આઇડી ચેક કરીને તેના માથા અને ગળામાં ગોળીઓ વરસાવી મોતને ઘાટ ઉતારી દીધી. એજ રીતે એક મહિલા પર તેના પતિએ મારવાનો આરોપ મુકેલ તે મહિલાને ત્યાંના સ્પોર્ટસ મેદાનમાં પ્રેક્ષકોની હાજરી વચ્ચે માથા પર ગોળીઓ ધરબી દેવામા આવેલ.....*

## શ્રાવણ ના સરવડા

શ્રાવણ સારા, જર જારા
કામિની કંથ આવે ઓરા ;
શ્રાવણ સરવડા ભીંજે ફોરા,
પણ,માનવતા વિહીન રહે
મન જુવો કેવા કોરા કોરા.
પણ, મનના માનેલા ને મળવા
ઘેલી રાધાજેમ જોવે રાહ,
આવે શ્રાવણી પનમીયો મેળો,
ચકડોળની જૈમ મન ચારેબાજુ હોય માનવ ઓળો.
માનવતાથી પુજે પ્રભુ રામ-
કૃષણ- શિવજી ભોળો ભોળો.
આવ્યો "શ્રાવણમાસ" લોકોત્સવ થીઅદભૂત ભરેલો,
ૐ નમઃ શિવાય ના જાપથી
વાતાવરણ બન્યું અનહદ
આધ્યાત્મિક અનમૂલો .
લોકો સેવા- પૂંજા ભક્તિ થી,
કરે મંગલ કામના માનવ દેહ
મળ્યો જાણે મોઘામૂલો.
દશામાના દસ દાડા પૂજન અર્ચન કરે મન ભાવન ને ભગ્ન હદયે પ્રાર્થના કરી વળાવો.
ભાઈ- બહેન ના પ્રેમ નો
અનમોલ દિન આવ્યો અદભૂતો,
રક્ષાબંધન અનહદ ભાવ ભરી વરસે વરસે બમભાઈના ઓવારણા લઈ ફોડેકેવો ટચાકો ;
ને ! ભાઈ-બહેન ને ભેટ સોગાદો દઈ આનંદિત કરે અમાપો
ગણપતિ ને ઘેરઘેરપધરાવી
ધરે ફૂલ આરતી પ્રસાદો ;
નાગ?? પાંચમે કલેર ધરાવે,
ધરાવે શ્રી ફળ સુખડી મેવો ,
દૂધ કટોરો મૂકી પિવડાવે
ગોગા ને સાકર સંગ પ્યાલો.
રાંધણછઠ્ઠેઅવનવીવાનગીઓ
બનાવીને પ્રભુ ને ધરાવે ,
શિતળા સાતમ ની સવારો.
આઠમની અધરાતે ઉજવે
?? કાનુડાની જનમ જયંતિ
મંગલ મય રાસ- રાસડા
સંગ હોય હૈયે ઉલ્લાસો .
નોમ નાં પ્રભુ કૃષ્ણને પારણે પોઢાડી ,
રંગે ચંગે એક બીજાને અબીલગુલાલ થી ,ને કરે સૌ હર્ષોલ્લાસો,
બારોટ"હસુ ગોવિંદ "ગાયે આખો શ્રાવણ માસો,
પ્રભુ પદ સાંજ - સવારો સવારો.
ભક્તકવિઃ-" હસુગોવિંદ" બારોટ પાલનપુરી .

# સરકારી દસ્તાવેજો ગૂમ કરનારા સામે પોલીસ અને સુરત મનપા કમિશનર પોલીસ એફઆઈઆર કરશે-કરાવશે ?

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરી ગરીબોને આવાસ પૂરા પાડવા જવાહરલાલ નહેરૂ અર્બન રિન્યુઅલ મિશનના સબમિશન બેજીક સર્વિસ બેઝિક ટુ ધ અર્બન પુઅર યોજના હેઠળ હજારો આવાસ બાંધકામ કરવામાં આવ્યાં છે.આ માટે ખર્ચ પેટે કેન્દ્ર સરકાર ૫૦ ટકા રાજ્ય સરકાર ૨૦ ટકા અને બાકી રહેતા વધારાના ૩૦ ટકા ખર્ચના લાભાર્થીઓ તેમજ સુરત મહાનગરપાલિકાએ ભોગવવાનો રહેશે તેવી શરતોને આધીન સુરત શહેરની સ્લમ ફ્રી સિટી બનાવવાની યોજના હેઠળ ઝૂંપડપટ્ટીઓ, રસ્તાઓની આજુબાજુ વસેલાં સામાન્ય પરિવારજનોના મકાનો ડિમોલિશન કરવામાં આવેલ જે પૈકી લાભાર્થીઓ પાસેથી અરજીપત્રકો, સંબંધી જરૂરી પુરાવા, નાગરિક તરીકેના પુરાવા, અરજદારના ફોટા, ભાડા કરાર, વેરાબિલ જેવાં આધાર પુરાવા સાથે ફોર્મ એકત્રિત કરીને સુરત મહાનગરપાલિકાએ જાહેર કરીને આવાસ યોજનાના મકાનો ફાળવવામાં આવેલ.

આ આવાસ ફાળવણી કરતાં પૂર્વે સુરત મહાનગરપાલિકા દ્વારા તમામ ઝૂંપડપટ્ટીઓમાં બાયો મેટ્રિક સર્વે કરવામાં આવ્યું હતું અને જે તે વખતે મૂળ જગ્યા ઉપર જઈને રહીશ પરિવારોના મકાન સાથેના ફોટા પાડવામાં આવ્યા હતા આ વખતે ફોટા અને પુરાવાઓ સાથે અને છેડછાડ કરવામાં આવતી હતી બહુબલીઓએ, એસએમસીના દલાલો અને અધિકારીઓની મિલીભગતથી રાતોરાત નકલી માણસો ઉભા કરી ફોર્મ ભરાવ્યા હતાં એવો પણ આક્ષેપ પ્રતિઆક્ષેપ જે તે સમયે થયા હતા. વરસોથી શહેર બહારના લોકોને આવાસ ફાળવ્યા, બોગસ નામે અનેક લોકોએ લાભ લીધો એવી બૂમ ઊઠી હતી.

નુર્મ આવાસ યોજના લાભની ખરેખર જેમને જરૂર હતી તેને જ મળે એમાટે કેન્દ્ર સરકાર ગુજરાત સરકાર અને સુરત મહાનગરપાલિકા કરોડો રૂપિયાની ફાળવણી કરી હતી. જે તે સમયે યોગ્ય અને જરૂરિયાત મંદ લાભાર્થીઓને જ લાભ મળે અને ભ્રષ્ટાચારીઓ અને ગેરલાભ ઉઠાવી ના જાય તે માટે તમામ દસ્તાવેજોની પુરાવાની ચકાસણી કરવાની જવાબદારી સુરત મહાનગરપાલિકાના અધિકારીઓને સોંપવામાં આવેલી. જવાબદાર અધિકારીઓ તરીકે સ્લમ અપગ્રેડેશન સેલ,જુ. ઈજનેર, મદદનીશ જુનિયર ઈજનેર એવા જવાબદાર અધિકારીઓના ભરોસે કામ સોંપવામાં આવેલ. મળેલી જાણકારી મુજબ સુરત શહેરના આરટીઆઇ એક્ટિવિસ્ટ એવા દીપક પટેલ શિક્ષક દ્વારા સુરત શહેરમાં આ યોજના હેઠળ વર્ષ ૨૦૧૨થી વર્ષ ૨૦૧૬ દરમ્યાન ડ્રો કરવામાં આવેલ લાભાર્થીઓના અરજી ફોર્મ પુરાવાની નકલ, પુરાવા ચકાસણી કરનાર અધિકારીના નામ, જવાબદાર અધિકારીની માહિતી આરટીઆઇ એકટ હેઠળ માગી હતી.

સુરત મહાનગરપાલિકા દ્વારા ખાસ કરીને વરાછા ઝોન દ્વારા ડિસેમ્બર ૨૦૧૨થી લઈને જુલાઈ ૨૦૧૬ સુધીમાં સાત સાત વખત આવાસ ફાળવણી માટે જાહેરમાં ડ્રો કરીને મકાનોની ફાળવણી કરી હતી. જે પૈકી ખૂબ જ સીમિત માહિતી

દીપક પટેલ દ્વારા માત્ર ૨૮ આવાસોના લાભાર્થીઓના મૂળ અસલ અરજફોર્મની માહિતી માગી હતી. સુરત અશ્વિનીકુમાર રોડ, ગૌશાળા, જુના મોહલ્લાના , રાજીવનગર ઝુપડપટ્ટી સુરતના લાભાર્થી માટે સાત સાત ડ્રો દરમિયાન માત્ર ૨૮ ઝુંપડાના લાભાર્થીઓની માહિતી માંગી હતી.પૂર્વઝોન વરાછામાં જે તે સમયે માહિતીઅધિકારી ડે.ઈજનેર પી.એમ.શાહ ફરજ બજાવતા હતા તેઓ દ્વારા દીપક પટેલને તમામ દસ્તાવેજો ચકાસણી કરી નાણા ચૂકવી માહીતી મેળવી લેવા જણાવવામાં આવેલ. જે તે સમયે તા-૨૭/૦૨/૨૦૧૯ના નિરીક્ષણ સમયે માહિતી અધિકારી પાસે માત્ર બે ઝૂંપડાનં-૮૪૨ અને ૮૪૩ લાભાર્થીઓના મુળ દસ્તાવેજ હતા. જેનાં નાણાં વસૂલ કરેલ. રોજકામમાં લખેલ કે બાકીના દસ્તાવેજ મળી આવેથી આપવામાં આવશે. બાકીના ગુમ થયેલા દસ્તાવેજ ના મળતાં કાર્યપાલક ઈજનેરને ફરિયાદ કરી હતી.

દિપક પટેલ દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી હતી તેથી સ્લમ અપગ્રેડેશન વિભાગ, રાંદેરના ડે. ઈજનેર એન.એ.પુનીવાલાએ આવાસ ફાળવણીના જવાબદાર જાહેર નોકરોના નામ (૧)એ. ડી. રાણા, (૨)નીલાંગ ગાયવલા,(૩) કામિની એસ.દોશી,(૪)એસ.વાય.દર્સોત, (૫)જી.એમ. પટેલ, (૬)સી.સી. ભટ્ટ, આર. (૭)જે. ઝવેરી,(૮) કૃષિતા કાપડિયા, (૯)નિપુણ ત્રિવેદી, (૧૦)જે.ડી.રાવલ, (૧૧)એસ. આર. પંચાલ.(૧૨)એસ.એચ. પટેલની લેખિત જાણ તા.૦૧/૦૨/૨૦૧૯ના પત્રથી આપી હતી. અને બાકીના દસ્તાવેજો સાચવવાનું કામ ફરજ વરાછા ઝોન સુરતનું છે એમ જાહેર કર્યું હતું.

ગુમ દસ્તાવેજો સાચવવાની જવાબદારી નકકી જાહેર કરવામાં આવી હતી.ફરિયાદી દિપક પટેલને કાર્યપાલક ઈજનેર અમિત દેસાઈ દ્વારા તા.૨૭/૦૧/૨૦૨૦ના પત્રથી જણાવેલ કે રાજેશ ગાંજાવાલા, તુષાર પટેલ, નયન આર. પટેલને દિન ૭માં વિનામૂલ્યે માહિતી શોધી આપવામાં આવે એવો હુકમ હોય તમામ રેકર્ડ વરાછા ઝોનને જમા કરવા આદેશ કર્યો હતો.

આવાસ યોજનાના અગત્યના દસ્તાવેજો રજુ કરવાના હુકમ બાદ રાજેશ ગાંજાવાલા, તુષાર પટેલ, નયન પટેલ અને કામિની દોશી દ્વારા એકબીજાને ખો ખો આપી જવાબદારી માંથી છટકવા તા.૦૫/૦૨/૨૦૨૦ પત્ર નંબર ૬૩૩૨ અને ૬૩૪૪ લખી કાર્યપાલક અમિત દેસાઈને ગુમરાહ કરેલ.

આમ વરાછાઝોન દ્વારા આવાસ યોજનાના અગત્યના દસ્તાવેજો ગુમ થવાનું અને જવાબદાર ઈજનેરો એકબીજા માથે ગુનો ઢોળતા હોય દિપક પટેલ દ્વારા સતત વિનંતી કરી કે રેકર્ડ ગૂમ કરનારા સામે કાનૂની કાર્યવાહી કરો અને સાચી હકીકત માહિતી પૂરી પાડવા લેખીત રજુઆત કરી હતી.

સૂમનપા,વરાછાઝોનમાંથી નુર્મ યોજનાના અરજદાર (૧) સંગીતા પાટીલ,(૨) સવિતા ચૌધરી(૩) સુનંદા સોનવાને (૪)કુસુમ ગુપ્તા (૫)લલીતા મહાજન(૬) જયદેવ સિંહ રાજપુત (૭)નીનુસિંહ રાજપુત ((૮)ભાનુમતિ મોરિયા (૯) સ્નેહલતા (૧૦)જાદવ રામચંદ્ર (૧૧) અજય ઈન્દ્રજીત (૧૨) દાસ બુલલું (૧૩)રમીલા રાઠોડ (૧૪ પટેલ રામઆશરે (૧૫) હરેશસુડાસમા (૧૬)સુનિતા પટેલ (૧૭)બાલેશ્વર નિશાળ(૧૮) રીટાદેવી પટેલ (૧૯)ધનશ્રી વાઘ (૨૦)પ્રભાદેવી ગુપ્તા (૨૧) કિંજલ બારોટ (૨૨) ધવલ નામદેવ (૨૩)લક્ષ્મણ માળી (૨૪) ગણેશ બાબરે (૨૫)બબીતાદેવી મોરિયા(૨૬) રામાયણસિંહ મોરિયા (૨૭) દશરથ યાદવ (૨૮)રાજપુત નિર્મલાદેવી પૈકી મોટાભાગના લાભાર્થીઓના દસ્તાવેજો ગુમ કરવામાં આવ્યા હોય ગુમ કરનાર જવાબદાર અધિકારીઓનાનામ નક્કી થયા હોય તેમ છતાં કાર્યપાલક ઈજનેર અને સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર દ્વારા આજ દિન સુધી સરકારી રેકર્ડ ગુમ કરનાર માણસો ઉપર કાનૂની કાર્યવાહી કરવામાં આવી નથી. જેથી મૂળ ફરિયાદી દીપક પટેલ દ્વારા જનહિતમાં જાહેર ફરિયાદ સુરત પોલીસ કમિશનરને પણ કરી છે આ ફરિયાદ બાદ ગુનાનું કાર્ય ક્ષેત્ર વરાછા હોય સુરત શહેર કોરોના મહામારીમાં સપડાતા વરાછા પોલીસ સ્ટેશનના દફતરે જવાબદાર અધિકારીઓ સામેની ફરિયાદ - વરાછા રોડ સુરત મહાનગરપાલિકા,વરાછા ઝોનમાંથી સરકારી રેકર્ડ ગુમ કર્યો છે અને ભ્રષ્ટાચાર આચર્યો છે એવા લોકો સામે ભ્રષ્ટાચાર સબબની પોલીસ ફરિયાદ હાલ પડતર છે સતત ત્રણ-ચાર વર્ષની મહેનત પછી પણ સરકારી દસ્તાવેજો ગુમ કરનારા સામે સુરત મહાનગરપાલિકા અને પોલીસ વિભાગ દ્વારા ગુનો દાખલ કરવામાં કરાવવામાં આવ્યો નથી જે ગરીબોના હક અધિકાર અધિકાર અને પારદર્શી વહિવટ , સરકારી દસ્તાવેજો ગૂમ યા ચોરી શરમજનક છે. સરકારી દસ્તાવેજો ગૂમ થયેલા હોય જવાબદાર અધિકારીઓ સામે ખાતાકીય તપાસ થાય તે પણ જરૂરી જણાય છે.

માહિતિ અધિકાર અધિનિયમ હેઠળ માહિતી માગી. ત્યારબાદ પુરવાર થયું, જવાબદાર અધિકારીઓ દ્વારા એકબીજા ઉપર દોષ ઢોળવામાં આવ્યો, હજુ સુધી સરકારી દસ્તાવેજો મળતાં નથી ત્યારે ××આવાસ યોજના××હેઠળ શું શું રંધાયું ? એ જાહેર થશે ? આરોપીઓને સજા થશે ? સરકારી દસ્તાવેજો જાહેર થશે ? સુરત મહાનગરપાલિકા પાલિકા કમિશનર અને પોલિસ અધિકારી કાનુની કાર્યવાહી કરશે ?

સુરત મનપા વિજિલન્સ વિભાગ તપાસ કરશે ? કરોડો રૂપિયાની ફાળવણી અંતે પ્રજાના પૈસા એના આયોજન બાબતે શંકા કુશંકા ભ્રષ્ટાચાર યોગ્ય છે ? પક્ષ વિપક્ષ ચૂપ કેમ છે ?

## મેન્યુફેક્ચરિંગ હબ તરીકે ભારતે લીધું સ્થાન

ન્યુ દિલ્હી, તા.૨૫

ચીન બાદ ભારત વિશ્વમાં બીજા ક્રમનું સૌથી માગ ધરાવતુ મેન્યુફેક્ચરિંગ હબ છે. જયારે અમેરિકા ત્રીજા ક્રમે બાદમાં અનુક્રમે કેનેડા, જેક રિપબ્લિક, ઈન્ડોનેશિયા, લિથુનિયા, થાઈલેન્ડ, મલેશિયા, અને પોલેન્ડ છે. અમેરિકા બાદ ભારત આકર્ષક મેન્યુફેક્ચરિંગ હબ તરીકે વિશ્વભરમાં ઉભરી રહ્યું છે. રિયલ એસ્ટેટ કન્સલ્ટન્ટ કુશમેન એન્ડ વેકફિલ્ડના જણાવ્યા અનુસાર, ચીન હજી મેન્યુફેક્ચરિંગ હબ તરીકે પ્રથમ ક્રમે યથાવત્ છે. ૨૦૨૧ ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ રિસ્ક ઈન્ડેક્સમાં યુરોપ, એશિયા-પેસિફિક, અમેરિકાના ૪૭ દેશોના ગ્લોબલ મેન્યુફેક્ચરિંગની આંકરણી કરવામાં આવી છે. ગતવર્ષના રિપોર્ટમાં અમેરિકા બીજા ક્રમે અને ભારત ત્રીજા ક્રમે હતો.

અમેરિકા, એશિયા-પેસિફિક દેશો સહિત મોટાભાગના દેશો હવે મેન્યુફેક્ચરિંગ હબ તરીકે ભારતને પ્રાથમિકતા આપી રહ્યા છે. જેની પાછળનું કારણ, ભારતની ઓપરેટિંગ સ્થિતિ, અને ખર્ચ સ્પર્ધાત્મકતા છે. તેમજ વાર્ષિક ધોરણે આઉટસોર્સિંગ જરૂરિયાતોને પહોંચી વળવામાં ભારત સતત અગ્રેસર છે. આ રેક્રિંગ ચાર માપદંડોના આધારે તૈયાર કરવામાં આવ્યુ છે. જેમાં પુનઃ મેન્યુફેક્ચરિંગની ક્ષમતા, બિઝનેસ એનવારમેન્ટ (ટેલેન્ટ, મજૂરની ઉપસ્થિતિ અને માર્કેટ એક્સેસ), ઓપરેટિંગ કોસ્ટ, અને જોખમો

# સીપીઓમાં ૨૯,૯૭૦ ટનના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં સુધારાનો સંચાર

### સોના-ચાંદીના વાયદાના ભાવમાં નરમાઈનો માહોલઃ ક્રૂડ તેલમાં વૃદ્ધિઃ બુલડેક્સ ફ્યુચર્સમાં ૫૪ પોઈન્ટ અને મેટલડેક્સ ફ્યુચર્સમાં ૧૦૯ પોઈન્ટની મૂવમેન્ટ

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૩૩,૦૦૪ સોદાઓમાં કુલ રૂ.૧૦,૧૬૬.૩૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના ઓગસ્ટ વાયદામાં ૫૪ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના સપ્ટેમ્બર વાયદામાં ૧૦૯ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં ૬૬,૫૫૦ સોદાઓમાં કુલ રૂ.૩,૮૯૪.૨૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૭,૪૩૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૭,૪૮૨ અને નીચામાં રૂ.૪૭,૨૮૭ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૮૭ ઘટી રૂ.૪૭,૩૨૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૩૨ ઘટી રૂ.૩૭,૯૦૮ અને ગોલ્ડ-પેટલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૬૬ ઘટી રૂ.૪,૬૮૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૭,૩૫૧ના ભાવે ખૂલી, રૂ.૨૭૩ ઘટી રૂ.૪૭,૨૫૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૩,૦૦૧ દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૩,૪૦૦ અને નીચામાં રૂ.૬૨,૯૨૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૩૫ ઘટી રૂ.૬૩,૧૩૯ બોલાઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૩૧૨ ઘટી રૂ.૬૩,૧૭૦ અને ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૩૩૨ ઘટી રૂ.૬૩,૧૩૫ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં ૧૧,૦૨૧ સોદાઓમાં રૂ.૧,૯૫૫.૪૩ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૭૫ વધી રૂ.૨૧૧.૪૫ અને જસત ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૫ વધી રૂ.૨૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે તાંબુ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧.૭૫ વધી રૂ.૭૧૪.૭૦ અને નિકલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૭.૬ વધી રૂ.૧,૪૪૫.૧૦ તેમ જ સીસું ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૦ ઘટી રૂ.૧૭૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં ૩૦,૭૦૮ સોદાઓમાં કુલ રૂ.૨,૦૦૯.૮૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૪,૯૯૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૦૪૪ અને નીચામાં રૂ.૪,૯૮૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૮ વધી રૂ.૫,૦૩૯ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧ ઘટી રૂ.૨૮૭.૯૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨,૮૨૨ સોદાઓમાં રૂ.૪૨૧.૫૭ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૧,૪૪૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૪૪૫ અને નીચામાં રૂ.૧૪૪૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૦ ઘટી રૂ.૧,૪૪૩ બોલાઈ રહ્યો હતો. આ સામે રબર ઓગસ્ટ વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૮,૩૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૮,૩૯૫ અને નીચામાં રૂ.૧૮,૨૯૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૯ વધી રૂ.૧૮,૩૦૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીપીઓ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૧૮૧.૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૯૯ અને નીચામાં રૂ.૧૧૮૧.૮૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૯.૩૦ વધી રૂ.૧૧૯૪.૬૦ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩.૬૦ વધી રૂ.૯૧૨.૧૦ અને કોટન ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૧૭૦ વધી રૂ.૨૫,૮૧૦ બોલાઈ રહ્યો હતો.

કામકાજની દષ્ટિએ કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૫,૮૧૧ સોદાઓમાં રૂ.૧,૯૦૭.૪૪ કરોડનાં ૪,૦૨૫.૮૭૭ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૫૦,૭૩૯ સોદાઓમાં કુલ રૂ.૧,૯૮૬.૭૯ કરોડનાં ૩૧૨.૪૩૩ ટનના વેપાર થયા હતા. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમના વાયદાઓમાં રૂ.૧૩૫.૫૨ કરોડનાં ૬,૪૯૦ ટન, જસતના વાયદાઓમાં રૂ.૨૦૫.૨૭ કરોડનાં ૮,૨૭૦ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧,૦૪૬.૧૬ કરોડનાં ૧૪,૫૬૫૦ ટન, નિકલના વાયદાઓમાં રૂ.૪૯૮.૦૮ કરોડનાં ૩,૪૫૩૦ ટન અને સીસું કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૭૦.૪૦ કરોડનાં ૩,૯૨૦ ટનનાં કામકાજ થયાં હતાં. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૦,૫૩૦ સોદાઓમાં રૂ.૭૭૯.૫૦ કરોડનાં ૧૫,૫૪,૬૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૨૦,૧૭૮ સોદાઓમાં રૂ.૧,૨૩૦.૩૫ કરોડનાં ૪,૨૪,૦૬,૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસના વાયદાઓમાં ૮ સોદાઓમાં રૂ.૦.૨૬ કરોડનાં ૩૬ ટન અને કોટનના વાયદાઓમાં ૫૬૨ સોદાઓમાં રૂ.૫૪.૮૧ કરોડનાં ૨૧૧૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૪૩૦સોદાઓમાં રૂ.૧૬.૪૯ કરોડનાં ૧૭૮.૯૨ ટન, રબરના વાયદાઓમાં ૩૨ સોદાઓમાં રૂ.૦.૬૦ કરોડનાં ૩૩ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૧,૭૯૦ સોદાઓમાં રૂ.૩૪૯.૪૧ કરોડનાં ૨૯,૯૭૦ ટનનાં કામકાજ થયાં હતાં.


ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૬,૫૩૧.૨૩૫ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૫૬૬.૨૩૧ ટન, એલ્યુમિનિયમમાં ૧૨,૫૬૫ ટન, જસત વાયદામાં ૭,૭૮૫ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં ૧૨,૧૯૨.૫૦૦ ટન, નિકલ વાયદામાં ૨,૩૮૦.૫૦૦ ટન, સીસું કોન્ટ્રેક્ટ્સમાં ૫,૪૫૦ ટન, ક્રૂડ તેલમાં ૬,૦૨,૮૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧,૮૬,૯૬,૨૫૦ એમએમબીટીયૂ તેમ જ કપાસમાં ૧૬૮ ટન, કોટનમાં ૫૭૮૦૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૯૬.૦૮ ટન, રબરમાં ૧૫૮ ટન, સીપીઓમાં ૭૫,૪૩૦ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, પ્રથમ સત્ર સુધીમાં ૧,૭૧૬ સોદાઓમાં રૂ.૧૫૨.૮૪ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૧,૨૯૫ સોદાઓમાં રૂ.૧૧૪.૫૫ કરોડનાં ૧,૬૧૦ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૪૨૧ સોદાઓમાં રૂ.૩૮.૨૯ કરોડનાં ૪૮૮ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૨,૦૨૬ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૭૬૦ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૪,૨૩૬ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૪,૨૪૦ અને નીચામાં ૧૪,૧૮૬ના સ્તરને સ્પર્શી, ૫૪ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૭૮ પોઈન્ટ ઘટી ૧૪,૨૦૭ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૧૫,૬૨૮ના સ્તરે ખૂલી, ૧૦૯ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૮૧ પોઈન્ટ વધી ૧૫,૭૧૧ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં ૨૦,૧૮૭ સોદાઓમાં રૂ.૧,૭૩૨.૪૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૬૭.૯૫ કરોડ, ચાંદી અને ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૨૬.૫૪ કરોડ અને ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૩૩૭.૫૯ કરોડનાં કામકાજ થયાં હતાં.

CYMK

ન્યૂઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની છ રચનાઓ
વિષય :." શ્રાવણ માસના તહેવારો" વિષયક રચનાઓ(૨૬-૮-૨૦૨૧)દિવસ - ૩
Jan fariyad & News of Gandhinagar daily
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

---

## NOG SS No - 0080

વિષય : શ્રાવણી તહેવારો
શીર્ષક :રક્ષાબંધન

== ભાઈ બહેનનાં પવિત્ર બંધનનો તહેવાર રક્ષાબન્ધન શ્રાવણ સુદ પૂનમનાં દિવસે આવે છે.રક્ષાબંધન એટલે ,નારિયેળીપૂનમ..બળેવ.., બ્રાહ્મણો આ દિવસે યજ્ઞોપવિત બદલાવી વિધિ પૂર્વક નવી જનોઈ ધારણ કરે છે. માછીમારો તથા વેપારીઓ દરિયા દેવને શ્રીફળ પધરાવી પૂજા કરે છે.

દરેક બહેનો પોતાના ભાઈને રક્ષાસૂત્ર બાંધવા માટે ઉત્સુક હોય છે. પણ બધી બહેનો એટલી ભાગ્યશાળી નથી હોતી કે દરેક રક્ષાબન્ધનનાં પવિત્ર દિવસે સ્વહસ્તે ભાઈને રાખડી બાંધી શકે! આવી બહેન બિચારી, ભાઈ માટે કેટલું ય ઝૂરતી હોય છે. પણ ઘણીવાર કેટલાય ભાઈઓને તો બહેનની યાદ પણ નથી આવતી હોતી! ઘણીવાર એવું પણ બનતું હોય છે, કે બહેન એમ જ ખબર અંતર પૂછવા માટે ભાઈનાં ઘરે ફોન કરે તો માત્ર ભાભી જ વાત કરીને ફોન મૂકી દે. તો ય ભાઈને એવું ન થાય કે મેં તો ઘણાં દિવસથી બહેનનો અવાજ જ નથી સાંભળ્યો.તો હું આજે સામેથી ફોન કરું! બહેન તું મજામાં છો ને? એમ જરા બેઘડી વાત તો કરું!

બહેનને સાસરે વળાવી દીધાં પછી જાણે કે જવાબદારી પૂરી થઈ ગઈ! પછી બહેનનું જે થવું હોય તે થાય!એ જીવે છે કે....!! એની હાલત કેવી છે, એ પૂછવાની તસ્દી પણ ભાઈ લઈ શકતો નથી! બહેનને યાદ કરનારો ભાઈ, અચૂક સામેથી જ ફોન કરતો હોય, તો બહેનનાં રાજીપાનો પાર રહેતો નથી જ. મા બાપની ગેરહાજરી પછી એની લાગણીની અધૂરપ, ખોટ ભાઈ દ્વારા પૂરાતી હોય છે. એ ખોટ પૂરી કરવી ભાઈની ફરજ બને છે...

રક્ષાબન્ધનનાં પવિત્ર દિવસે હું ભગવાન પાસે એટલી જ પ્રાર્થના કરું છું કે પોતાની બહેનને ભૂલી ગયેલા ભાઈઓને ઈશ્વર બહેન પ્રત્યે સદભાવના અર્પે.

રક્ષાબંધનની અઢળક શુભેચ્છાઓ....

વર્ષા જાની .ભાવનગર

---

## NOG SS No: 0092

પ્રકાર :-પદ્ય
શીર્ષકઃ-તહેવારોનો મહિનો શ્રાવણ

"જાત-જાતના તહેવારોને શ્રાવણ ખૂબ નવાજે,
ક્યારેક ઉપવાસ તો
ક્યારેક મઘમઘતી વાનગીઓથી થાળી મારી છાજે.
ભાઈની આપદાઓ નિવારવા રક્ષા બંધન આવે,
રાખડી બાંધી ઓવારણાં લેવાય
ભાઈના ક્ષેમકુશળ ને બહેનની રક્ષા કાજે.
બોળચોથનો મહિમા મોટો,
ગાય-વાછરડાંને મહત્વ આપે.
પૂજા કરી- ખવડાવીને લોક
ખુશીમાં રાચે.
નાગપાંચમે ખેતરના રાખણહાર ને સહુ પૂજે,
પૂજા કરી,નૈવેદ્ય ધરાવી બહેનો અણઘો પૂજે.
રાંધણછઠના પકવાનોથી ઘર-ઘર સુગંધથી મહેંકે,
અગ્નિની પૂજા કરતા
સુરક્ષાના આશિષ કાજે.
શીતળા સાતમે ઠંડુ ખાઈને આરોગ્યને સુધારે,
શીતળામાની કૃપા સદા રાખવા કાજે.
અષ્ટમીનો ઉપવાસ કરી,
કૃષ્ણભક્તિમાં રાચે.
પારણીયે લાલાને પધરાવતા
જન્મ મહોત્સવ કાજે.
શ્રાવણની શ્રેષ્ઠતા
પ્રકૃતિ અને સંબંધોનું મૂલ્ય વધારે,
ધરા અને જીવનની સુંદરતા ટકાવી રાખવા કાજે.

અલકા મહેતા..ગાંધીનગર

---

## NOG SS No: 0022

વિષય : શ્રાવણ માસ અને તહેવારો
વિભાગ : ગદ્ય
પ્રકાર : લેખ
શીર્ષક : જગતની પહેલી રાખડી
લેખક : જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

જગતની સૌથી પહેલી રાખડી માતા કુંતાએ પોતાના પૌત્ર અભિમન્યુને યુદ્ધમાં જતી વખતે બાંધી હતી. અર્જુન યુદ્ધ કરવા પાતાળમાં ગયો અને કૌરવોએ ગુરૂ દ્રોણને ચક્રવ્યૂહની રચના કરવા કહ્યું.

ચક્રવ્યૂહ તોડવાની વિદ્યા ફક્ત અર્જુન જાણતો હતો. સભામાં જ્યારે જાહેરાત કરવામાં આવી ત્યારે બધાંએ પોતાનાં મસ્તક નમાવી દીધાં. ચક્રવ્યૂહ તોડવાનું બીડું અભિમન્યુએ ઝડપ્યું. તેણે કહ્યું, "ચક્રવ્યૂહના છ કોઠા ભેદવાની વિધિ મને ખબર છે પણ સાતમા કોઠા વિશે હું નથી જાણતો."

"માટીના સાતમા કોઠાને હું મારી ગદાથી તોડીશ.'" ભીમની આ જાહેરાત સાથે અભિમન્યુનું યુદ્ધમાં જવું નક્કી થયું.

સુભદ્રા અને અન્યોની સમજાવટ પછી પણ અભિમન્યુ અટળ રહ્યો, ત્યારે માતા કુંતાએ સાત તારથી એક રાખડી બનાવી, જેની ઉપર સાત ગાંઠ વાળી. દરેક ગાંઠનો અર્થ નીચે મુજબ છે.

પહેલી ગાંઠ : પરમેશ્વર, સૂર્યચંદ્ર, ત્રણ ગુણ (સત્વ, રજો અને તમો), ચાર વેદ ( સામવેદ, રૂગ્વેદ, અથર્વવેદ અને યજુર્વેદ), પાંચ વિષય (શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધ) અને છ શાસ્ત્ર(વેદાંગ, સાંખ્ય, નિરૂક્ત, વ્યાકરણ, યોગ અને છંદ) રક્ષા કરે.

બીજી ગાંઠ : સાત સમુદ્ર, અષ્ટકુળ પર્વત, નવકુળ નાગ, દસ અવતાર, અગિયાર રુદ્ર, બાર મેઘ રક્ષા કરે.

ત્રીજી ગાંઠ : તેત્રીસ કોટી દેવતા, છત્રીસ રાગિણી, અડતાલીસ અગ્નિ, ઓગણપચાસ વાયુ, બાવન વીર, ચોસઠ જોગણી, બોતેર કોટી દાનવ અને અઠ્યાસી સહસ્ત્ર રુષી રક્ષા કરે.

ચોથી ગાંઠ : શેષશાયી, પારસનાથ, રણછોડરાય, ચૈતન્ય આત્મા અને પરમાત્મા રક્ષા કરે

પાંચમી ગાંઠ : મત્સ્યાવતાર, કુર્માવતાર, નૃસિંહ અવતાર, વરાહ અવતાર, રામાવતાર અને કૃષ્ણાવતાર રક્ષા કરે.

છઠ્ઠી ગાંઠ : શુક્રાચાર્ય, ગણપતિ, અંજીરા રુષી, હનુમાનજી અને ઈન્દ્ર રક્ષા કરે.

સાતમી ગાંઠ : હું ( માતા કુંતા), સહદેવ, અર્જુન, નારદ અને કૃષ્ણ રક્ષા કરે.

રાખડીનો આકાર સમય જતાં બદલાયો અને તે ભાઈબહેનનો તહેવાર બની ગયો, પણ તેનો રક્ષાનો મૂળ અર્થ હજી પણ સચવાઈ રહ્યો છે.

જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા
(સંદર્ભ : શ્રી વ્યાસ વલ્લભ કૃત 'મહાભારતની કથા')

---

## NOG SS No. 0059

પ્રકાર : ગદ્ય-લેખ.
વિષય : શબ્દો શ્રાવણમાસનાં તહેવારો.
શીર્ષક : સાચી પૂજા-અર્ચના
શબ્દ સંખ્યા. : ૩૩૫.

જ્યારે કોઈપણ રમતમાં,
બે ટીમ સમાન, લેવલની સામ સામે આવે અને બંને ટીમ વચ્ચેની સ્પર્ધામાં, તેના અંતિમ પડાવ પછી પણ પરિણામ નક્કી ન થઈ શકતું હોય ત્યારે તે મેચના રેફરી/ નિર્ણાયક તેનાં આગવા નિયમોની સહાય લઈ સ્પર્ધાને જીવંત અને રસપ્રદ તબક્કામાં મૂકી ખેલાડી અને રમતનાં શોખીન પ્રેક્ષકોને જકડી રાખે છે.અને આ જ તો છે રમતમાં સચ્ચાઈનો રણકાર !
ફુટબોલની રમતમાં બન્ને ટીમનાં ગોલ જ્યારે સરખાં થાય ત્યારે વધારાનો સમય ફાળવવામાં આવે છે અને છતાં બન્ને ના ગોલ સરખાં થાયતો ફ્રી હીટ આપવામાં આવે છે, ટૂંકમાં રમતમાં અતિ ઉત્તમ દેખાવ કરનારાને વિજેતા ઘોષિત કરવામાં આવે છે.

આપણા તહેવારોની ઉજવણીમાં માનવતા, અહિંસા, પર્યાવરણ અને દેશભાવનાને વિશેષ ધ્યાનમાં રાખીને પ્રત્યેક પર્વની ઉજવણી તેની ઉપયોગિતાને લક્ષમાંરાખીને ઉજવવામાં આવે તો
તહેવારોમાં થતો ખોટો બગાડ જેમા દુધ-પાણી,ફુલ-ફળ-શાન્તિ,
પર્યાવરણ, અને ધનનો ખોટો બગાડ આપણે ચોક્કસ બચાવી શકીએ અને આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન સાકાર કરવામાં આગળ વધી શકીએ.

આપણી હિન્દુ સંસ્કૃતિ પ્રમાણે વર્ષનાં દરેક મહિનામાં એક ઉત્સવ હોય જ છે અને તેથી જ કહેવત પડી છે,
"બાર મહિનાને તેર પૂજા",
હાં દરેક ઉત્સવ- મહોત્સવ
માનવજીવનમાં શકિતનો સ્તોત્રછે.
શ્રાવણમાસ અને આસોમાસ પૂજા-અર્ચના અને તહેવારોથી ભરચક છે.તેથી શ્રાવણ અને આસોમાસ એટલે પૂજા- અર્ચના અને તપની આરાધનાનાં આયોજનોથી ભરપૂર ભરેલી બે સશક્ત ટીમ ,એક બીજાને કાંટાની ટક્કર આપે તેવી ટીમ.

શ્રાવણી ટીમના કેપ્ટન આરાધ્ય દેવ ભોળેનાથ શિવશંકર છે તો આસો માસની ટીમના કેપ્ટન તરીકે આરાધ્યદેવી,મહાશક્તિ અંબાજી- દુર્ગાદેવીછે.

બન્ને ટીમનાં ખેલાડીઓનાં નામ પણ તેઓની શક્તિ અનુસાર છે.
જેમ કે 'ભોળેનાથહ્લની સામે ' ભોળી ભવાનીહ્લ!
તાંડવ કરતાં ત્રિનેત્રધારી છે
તો સામે રણચંડી નવદુર્ગા!
'શિવની સામે 'આદ્યાશક્તિહ્લ!
બન્ને ટીમનાં ખેલાડીઓનાં નામ પ્રમાણે ગુણ, કળા છે. જે તેમની વિશેષતાને વધુને વધુ ઉજાગર કરે છે.
બંને ટીમ મેદાનમા ઉતરતા હોકારા- પડકારાથી મેદાન સતત
જરૂર ગાજતું રહેછે.
બન્ને ટીમનાં ખેલાડીઓનાં
અનેક ચાહકો છે,અનુયાયીઓ છે.
ચાલો , આપણે આ વર્ષથી તહેવારો ઉજવવાનો નવો અભિગમ અપનાવીએ,અને
સમસ્ત વિશ્ર્વમાં પર્યાવરણ ને
બચાવવાનો નમ્ર પ્રયાસ કરીએ.

જયકાન્ત ઘેલાણી પ્યારે'.

---

## NOG SS NO : 0001

વિષય :-- શ્રાવણનાં તહેવારો
પ્રકાર :-- ગદ્ય
શીર્ષક :-- " રક્ષાબંધન "

રેશમના તાંતણાથી બનેલી રાખડી કેવું મહત્વ ધરાવે છે એની તો ઘણી ઘણી વાતો ઈતિહાસનાં પાને લખાયેલી છે .

રક્ષાબંધન નો સાચો અર્થ શું છે ?
ર = રક્ષા કરજે વીરા તારી બહેનની
ક્ષા = ક્ષમા કરજે વીરા તારી બહેનને
બં = બંધન માંથી મુક્ત કરજે વીરા તારી બહેનને
ધ = ધ્યાન રાખજે વીરા તારી બહેનનું
ન = ન ભૂલતો વીરા તારી બહેનને

જે સૂતરના તાંતણામાં બહેનની રક્ષા કરવાની આટલી બધી શક્તિ હોય એ બંધન કેટલું બધું અમૂલ્ય હોય ! ઈતિહાસમાં આવા અનેક કિસ્સાઓ બની ગયા છે જેમાં આ નાજુક દોરાથી બાંધેલા બંધને જીવનભરની રક્ષા કરીને પોતાનું ભાઈ તરીકેનું કર્તવ્ય નીભાવી જાણ્યું હોય .

મેવાડની રાણી કર્માવતીએ મુગલ બાદશાહ હુમાયુને રાખડી બાંધી હતી .જ્યારે મેવાડ પર બહાદુરશાહે હુમલો કર્યો ત્યારે હુમાયુએ જ આવીને યુદ્ધ કરીને બહેન કર્માવતીની અને મેવાડની રક્ષા કરી હતી .આવી જ રીતે કુંતામાતાએ પણ અભિમન્યુને યુદ્ધમાં જતી વખતે રાખડી બાંધીને મોકલ્યો હતો .

રક્ષાબંધન એ બહેન માટે પોતાનાં ભાઈ પ્રત્યેની નિષ્પાપ , નિર્મળ, અને નિઃ સ્વાર્થ ભાવે સેવેલી શુભેચ્છાઓનું અને ત્યાગનું પવિત્ર બંધન નું પ્રતિક છે .રક્ષાબંધન એ સમસ્ત બ્રહ્મસમાજ માટે મહત્વ ધરાવે છે .આ દિવસને બળેવ કે નાળિયેરી પૂનમ તરીકે ઓળખાય છે .આ દિવસે બ્રાહ્મણો પોતાની જનોઈ મંત્રોચ્ચાર સાથે સાગર કે નદી કિનારે મંદિર પાસે બેસીને મહાદેવનાં સાનિધ્યમાં વિધિપૂર્વક બદલે છે .

નવી જનોઈ ધારણ કર્યા પછી ચારેય વર્ણને રાખડી બાંધીને આશીર્વાદ આપે છે , અને દક્ષિણા પ્રાપ્ત કરે છે .જનોઈ એ કેવળ સૂતરનો ધાગો નથી , પરંતુ સોળ સંસ્કારોમાંનો એક ઉત્તમ સંસ્કાર છે .આ રીતે પણ બળેવનું મહત્વ ઘણું છે .આ દિવસે ત્યાગ , પ્રેમ , અને સંસ્કારની સુગંધ જેની ઉજવણીમાં મહેકતી જોવા મળે છે એવા આ દિવસે સાગરખેડુઓ પણ સાગરને ખોળે નાળિયેર પધરાવી ને સાગરનું પૂજન કરે છે અને દરિયાદેવને સાગરખેડુઓની રક્ષા કાજે વ્રત કરીને પ્રાર્થના કરે છે .માટે આ દિવસને નાળિયેરી પૂનમ પણ કહે છે .

એવું કહેવાય છે કે જે મનુષ્ય વિધિ પૂર્વક રક્ષાબંધન કરે છે , સર્વ દોષોથી મુક્ત થઈને આજીવન સુધી પરમ સુખ પામે છે .

પ્રદીપ રાવલ " સંચાલક " .

---

## NOG. SS. NO .0095

વિષય :---શ્રાવણ માસનાં તહેવારો
પ્રકાર :-- ગદ્ય
શીર્ષક :-- " માનવ મનનાં હૈયાનો ઉત્સવ "

આપણી ભારતીય લોકસંસ્કૃતિ એટલે એમાં આવતાં નિતનવા તહેવારો ! તહેવારો અને એની સાથે સાથે ખોરાક , પોષાક, એની ઉજવણી આ બધું જ જોડાયેલું છે .દરેક તહેવારો ની પાછળ એક ધાર્મિક અને વૈજ્ઞાનિક કારણ પણ છુપાયેલું જ છે . આપણે આપણી આ સંસ્કૃતિની પરંપરાને જાળવીને એની ઉજવણી પણ ધામધૂમથી કરીએ છીએ એ જ આપણી સાચી ધાર્મિક ભાવના છે .

વિદેશમાં વસતા આપણા ભારતીયો પણ ત્યાં જઇને આપણાં તહેવારો ઉજવીને એની પરંપરાને ચાલુ રાખે છે . અને હવે તો ખાસ એવું પણ જોવા મળે છે કે વિદેશીઓને આપણી આ પરંપરાગત તહેવારોની ઉજવણીમાં ખાસ રસ જાગ્યો છે .અને એ લોકો હવે ખાસ અહીં આપણા તહેવારોને માણવા અને જાણવા માટે આવે છે .

આ વખતે અમેરિકામાં વસતા મારા એક સ્નેહીજને મને ફોન કરીને કહ્યું કે એમની સાથે નોકરી કરતી એક એમની મિત્ર " શેલ્વીના " ને ભારતીય તહેવારો પર અભ્યાસ કરવો છે .તેથી એ ભારત આવે છે તો તમે તેને સૌરાષ્ટ્રમાં ઉજવાતા ખાસ શ્રાવણમાં આવતા તહેવારોની માહિતી આપજો અને બને તો એને ઉજવણીમાં ,મેળાવડામાં પણ લઈ જશો .

શેલ્વીના ભારત આવી પહોંચે છે .હું રહું છું ભાવનગર , સૌથી પહેલાં એને મેં ભાવનગર ની મારી શાળાની મુલાકાત કરાવી .જ્યાં જન્માષ્ટમી ની ઉજવણી થઈ રહી હતી .શાળામાં મનોરંજન કાર્યક્રમ ચાલુ હતો ને એમાં શ્રાવણમાં આવતા બધાજ તહેવારોને સાંકળીને એક સુંદર અને ભવ્ય કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું.

રક્ષાબંધન, નાગપંચમી , રાંધણછઠ , શીતળાસાતમ , જન્માષ્ટમી , પારણાં નોમ , .આ બધાજ તહેવારોને એક કરીને સુંદર નૃત્ય નાટિકા સ્ટેજ પર બાળકોએ ભજવીને એની ઉજવણી ની અને એની પાછળ રહેલી કથાની પણ આબેહૂબ રીતે રજૂઆત કરી .શેલ્વીના તો જોતી જ રહી ! એને તો એટલું બધું આશ્ચર્ય થયું કે આટલા નાનાં બાળકો પણ આટલું સુંદર વર્ણન ને નાટક દ્વારા ભજવી જાણે છે એટલે અહીં ની સંસ્કૃતિ ને જાણે કણ કણમાં વસેલી એણે નિહાળી ને ભાવવિભોર બની ગઇ .

હવે એને આ તહેવારોને વધુ જાણવાની ને માણવાની ઈચ્છા થઈ. મારી સાથે મારા જ ઘરે એ રહી હતી એટલે એણે બોળચોથની વાર્તા ને ગાયની પુજા કરી .જોકે આ વાર્તા એને ગળે ના ઉતરી પણ ભારતીય પરંપરાને એણે સહૃદય વંદન કરીને સ્વીકારી. બીજે દિવસે નાગપંચમી ની પુજાને નિહાળી. મેં પાણિયારે કંકુથી નાગદેવતાનું ચિત્ર દોરીને એની પર રૂ માં થી બનાવેલો હાર પહેરાવ્યો, કુલેર ની પ્રસાદી ધરી ને દીવો કરીને પગે લાગ્યા .શેલ્વીના પણ આમાં શામેલ થઈ હતી .સાંજે ભરાતાં નાગપંચમી નાં મેળામાં લઈ ગઈ .અને શેલ્વીના તો આ બધું જોઈને જ ભાવવિભોર બની ગઈ .

બીજે દિવસે રાંધણછઠ હતી .શેલ્વીના માટે તો આ એક જાણે અજાયબી જેવું જ હતું .એને મેં કહ્યું કે અમે શીતળાસાતમ ને દિવસે ઠંડું ભોજન ખાઈએ , તે દિવસે ચૂલો ના સળગાવીએ , એટલે તે દિવસે જમવા માટે આજે બધી જ સ્ત્રીઓ ઘરે રસોઈ બનાવીને રાત્રે ચૂલો ( ગેસ ) ધોઈને ઠંડો કરીને પછી જ સૂશે .આજે બધાનાં ઘરે શાક , પુરી , થેપલાં , ગુલાબજાંબુ, ગાંઠિયા, ચેવડો, પાત્રા જેવી ઘણી બધી અવનવી વાનગીઓ બનાવે છે .એને તો આટલી બધી રસોઈ નાં નામથી જ નવાઈ લાગી. વિદેશમાં તો આવું હોય જ નહીં .એને વધારે નવાઈ તો ત્યારે લાગી કે જ્યારે મેં રાત્રે ગેસને ધોઈને ઠંડો કરીને પછી તેની કંકુ ચોખાથી પુજન કરીને પછી સૂતી ત્યારે એણે મને પુછ્યું કે આ શા માટે ?

ત્યારે મેં એને શીતળાસાતમની વાર્તા કહી અને એ સાંભળીને એની આંખો પહોળી થઇ ગઇ. વિચારવા લાગી કે શું ખરેખર આવું બની શકે ખરું ? મને પુછી જ લીધું કે તમે આવી બધી વાતો ને સાચી માનો છો ? ત્યારે મેં એટલું જ કહ્યું કે આ જ તો અમારી સંસ્કૃતિ અને પરંપરા છે જે ધર્મની સાથે જોડાયેલી છે.

બીજે દિવસે શીતળાસાતમ , એટલે ચૂલો પ્રગટાવવાનો નથી એટલે ઘરે પુજા વિધિ પતાવીને શેલ્વીના ને શીતળાસાતમ ના લોકમેળામાં લઈ ગયા .ત્યાં પણ મંદિરમાં દર્શન કરીને મેળાનો ભરપૂર આનંદ માણીને પછી ઘરે આવીને ટાઢું જમ્યા .શેલ્વીના આજે બહુજ ખુશ હતી .આપણા તહેવારોની ઉજવણી ને જોઈને એનું હૈયું ખુશીથી નાચી ઉઠ્યું .

બીજે દિવસે જન્માષ્ટમી ! શેલ્વીના કૃષ્ણ ભક્ત હતી. એટલે આજે તો એનો આનંદ બમણો હતો .મારા ઘરે જ રાત્રે કૃષ્ણ જન્મ ની ઉજવણી કરવાની હતી. આખું ઘર શણગારી ને સુશોભિત કર્યું હતું. હીંડોળો શણગાર્યો હતો . પંજરીની પ્રસાદી તૈયાર કરી. ફૂલહાર , દીવો ધૂપ બધું તૈયાર હતું. રાત્રે બરોબર બારનાં ટકોરે કૃષ્ણ જન્મ કરીને , " નંદ ઘેર આનંદ ભયો , જય કનૈયાલાલ કી, " ની ધૂનથી વાતાવરણ ગૂંજી ઉઠ્યું .શેલ્વીના મન મૂકીને નાચી .ખૂબજ આનંદવિભોર બનીને ઝૂમી ઊઠી.

બીજે દિવસે એને હવેલીમાં દર્શન કરવા માટે લઈ ગઈ. પારણાં ને ઝુલાવીને કૃષ્ણ દર્શન કરીને એ ધન્ય ધન્ય બની ગઈ .ઘરે આવીને એણે એની ડાયરીમાં નોંધ કરી કે ખરેખર ભારતની આ પવિત્ર ભૂમી છે જ્યાં નાનાં બાળકો થી લઈને વૃદ્ધો સુધીનાં દરેક લોકો એની સંસ્કૃતિ ને જાળવીને આજે પણ એ પરંપરાને આગળ વધારે છે. અને એથી જ આ પવિત્ર ભૂમિ પર દેવતાઓએ જન્મ લીધો હતો .જે જાણે આજે પણ અહીંના લોક સમુદાયનાં હૈયામાં જીવિત છે .ધન્ય છે આ ભૂમિ ને !!!

આજે હવે એને પરત જવાનો સમય આવી ગયો .ભારે હૈયે મેં એને એક શ્રી કૃષ્ણ ની મૂર્તિ ભેટ આપીને વિદાય આપી .બેઉની આંખોમાં આંસુ હતાં . પણ સાથે જ એક અવિસ્મરણીય યાદ એ સાથે લઈને જતી હતી એનો આનંદ પણ હતો.
બસ આવી છે આપણી ઉત્સવોત્સવ ની પરંપરા .
દીપિકા ચાવડા " તાપસી ".

# જાહેરખબરમાં ફોટો

કાર્યક્રમોમાં હદ બહારનો સમય બગાડતા સંચાલકો વિશે સુરેશ દલાલે તેમની શૈલીમાં કહ્યું હતું કે 'આ તો ડ્રોઈંગ રૂમ કરતાં બાથરૂમ મોટો હોય એવી વાત છે.' પરંતુ કેટલાક લોકો જેને 'ન્યૂ ઈન્ડિયા' કહે છે તે નવા, 'પોસ્ટ ટ્રૂથ', સત્યને આખરી ગણવાને બદલે તેને ક્યાંય પાછળ છોડીને નીકળી ગયેલા ભારતમાં બાથરૂમ ફક્ત ડ્રોઈંગ રૂમ કરતાં જ નહીં, બધા રૂમ કરતાં મોટો હોય, તે 'ન્યૂ નૉર્મલ' છે. એટલું જ નહીં, આખા ઘરમાં બીજો એકેય રૂમ જ ન હોય અને જ્યાં જ્યાં નજર તમારી ફરે, ત્યાં ઘરમાં ફક્ત ને ફક્ત બાથરૂમો જ જોવા મળે એવી પરિસ્થિતિ છે. લોકોના એક મોટા વર્ગે સચ્ચાઈના નામનું નાહી નાખ્યું છે અને તેમને વારંવાર સચ્ચાઈના નામનું નાહી નાખવાની જરૂર પડે છે, એટલે આવું હશે? એ સંશોધનનો વિષય છે—અને અધ્યાપક આલમનો આંતરિક-અંતરંગ પરિચય ધરાવતા લોકો જાણતા હશે કે લખાણોમાં જેમના માટે 'આ તો અલગ સંશોધનનો વિષય છે'—એવું જાહેર કરવામાં આવે, તે વિષયો પર કદી સંશોધન થતું હોતું નથી.

ન્યૂ ઈન્ડિયાની 'ડ્રોઈંગ રૂમ કરતાં બાથરૂમ મોટો'—એ સ્કીમ સરકારી જાહેરખબરોનાં હોર્ડિંગને પણ લાગુ પડે છે. તેનો તાજો પરચો ઑલિમ્પિક વિજેતાઓના અભિવાદન અને સન્માન માટે યોજાતા કાર્યક્રમોમાં જોવા મળ્યો. પરદેશથી આવેલાને તો એવો જ સવાલ થાય કે 'તમારા બધા ઑલિમ્પિક મૅડલ વિજેતા ખેલાડીઓ અને મહિલાઓ સુદ્ધાં એક સરખા કેમ લાગે છે અને બધા આટલી લાંબી સફેદ દાઢી કેમ રાખે છે?' થોડા વખત પહેલાં વૅક્સિન સર્ટિફિકેટના મામલે આવું થયું હોવાનો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. તે ખરેખર બન્યો હતો કે નહીં, તેની ખબર નથી, પણ તે બન્યો હોય તો નવાઈ કે આશ્ચર્ય ન ઉપજાવે એટલો તાર્કિક હતો.

થયું એવું કે પરદેશના એક એરપોર્ટ પર ભારતીય પ્રવાસી માટે વૅક્સિન સર્ટિફિકેટ માગવામાં આવ્યું. તેમણે એ બતાવ્યું, તો પ્રમાણપત્રો તપાસનાર અધિકારીએ કહ્યું કે 'તમારો પાસપોર્ટનો ફોટો અને વૅક્સિન સર્ટિફિકેટ ઉપરનો ફોટો મળતા આવતા નથી, માટે તમારું પ્રમાણપત્ર માન્ય નહીં ગણાય.' ત્યાર પછી પ્રવાસીએ તેમને ધીરજથી, વિશ્વગુરુની અદાથી જ્ઞાન આપવું પડ્યું કે 'વૅક્સિન સર્ટિફિકેટ પર તમે જેમનો ફોટો જુઓ છો, તે દાઢિયલ જણ તો અમારા સ્વનામધન્ય વડાપ્રધાનશ્રી છે.' ત્યાર પછી, કહે છે કે, એરપોર્ટ પરના અધિકારીએ પોતાનાં બીજાં સહકાર્યકરોને ભેગાં કર્યાં અને આપણું વૅક્સિન સર્ટિફિકેટ બતાવીને તેમને ભરપૂર મનોરંજન પૂરું પાડ્યું.

એવું જ ઑલિમ્પિકમાં વિજેતા ભારતીય ખેલાડીઓ માટે પણ થઈ શકે એમ હતું. સન્માન સમારંભ ગોલ્ડ મૅડલ જીતનાર ખેલાડી નીરજ ચોપરાનો હોય અને ચોતરફ મોટી મોટી તસવીરો વડાપ્રધાનની જોવા મળે. ખેલાડીઓના ફોટા તો નાનાં ગોળાકારમાં મુકી દીધા હોય. સીધી વાત છે ભાઈ. તમે ગમ્મે તેવા મૅડલ જીતો, કંઈ દેશથી મોટા થોડા થઈ જાવ? અને દેશ એટલે વડાપ્રધાન, એવું ફક્ત સાયબર સૅલ જ નહીં, ભક્તો પણ માને છે. તેમાં ઔચિત્યની વાત વચ્ચે લાવવી નહીં. કેમ કે, ન્યૂ ઈન્ડિયામાં ઔચિત્યભંગની વાત કરનારા માટે હળવામાં હળવો ઠપકો છેઃ 'તમે તો બહુ નૅગેટિવ છો.' તેનાથી આગળ તો લિબરલથી માંડીને અર્બન નક્સલ સુધીની લાંબી યાદી છે.

વડાપ્રધાન 'જો દિખતા હૈ વો બિકતા હૈ'ના સિદ્ધાંતમાં માને છે, એવું તેમની વીસ વર્ષની કાર્યપદ્ધતિના આધારે કહી શકાય. છેલ્લાં એક-બે વર્ષમાં તે 'જો દિખતા હૈ, વહ બેચતા હૈ'નું સૂત્ર ચરિતાર્થ કરવા લાગ્યા હોય એવું પણ લાગે છે. તેમની દેખાવાની શક્તિ વધારે છે કે જોઈ લેવાની, તે વિશે તેમને નજીકથી જાણનારા લોકો અવઢવમાં છે. પરંતુ એ બંને તેમના રસના વિષયો અને આવડતનાં પ્રિય ક્ષેત્રો છે, એ વિશે સર્વસંમતિ છે. બંને પ્રકારનાં કામ વચ્ચે એક સામ્ય એ પણ છે કે તેમને જાહેર ધોરણે કરવામાં આવે, તો જ તેમની મહત્તમ અસર નીપજે છે. કોઈને જોઈ લેવાના થાય, ત્યારે તે કામ એવી રીતે કરવામાં આવે છે કે જેથી બીજા લોકો બીએ અને તેમની નજરમાં ન આવી જવાય, એ માટે આઘાપાછા થઈ જાય. એવી જ રીતે, દેખાવાનું કામ પણ લાજશરમ મુકીને જ કરવું પડે. ક્રેડિટ છીનવવા જવું ને દોણી સંતાડવી—એ જમાનો વીતી ગયો. હવે બીજા કોઈનો ફોટો ન છૂટકે મૂકવો પડે, તો પોતાનો ફોટો તેનાથી બે-ત્રણ ગણો મોટો તો મૂકી જ દેવો પડે. દૂરથી જોનારને સમજાઈ જવું જોઈએ કે આ દેશમાં જે કંઈ (ખાનાખરાબી સિવાયનું) થઈ રહ્યું છે તેના કર્તા કોણ છે. ખાનાખરાબીનો કર્તા કોણ છે, એ જણાવવા માટે તો ફોટો મુકવાની પણ ક્યાં જરૂર છે?

એકનો એક ફોટો જોઈને લોકોને કંટાળો આવશે ત્યારે સાહેબના જુદાં જુદાં પશુપંખીઓ સાથેના ફોટા પણ આવશે. જુદા જુદા પોશાકમાં, દરેક વખતે અલગ માસ્ક સાથે, દાઢીની અલગ અલગ પ્રકારની કર્તનકલા સાથેના, વિવિધ મુદ્રાના એમ કંઈક ફોટા આવી શકે છે. હા, એક બાબતે પ્રજા આશ્વસ્ત રહી શકે છેઃ આ વૈવિધ્યમાં બીજા કોઈ માણસનો ફોટો કદી નહીં આવે અને તે ધારો કે અનિવાર્ય કારણોસર આવે તો પણ તે એવી રીતે આવશે કે જેથી કોનો ફોટો રાષ્ટ્રહિત માટે વધારે અનિવાર્ય છે તે પ્રજાને તરત સમજાઈ જાય.

ઉર્વીશ કોઠારી

# ભારતીય કોસ્ટ ગાર્ડનો બહુ-એજન્સી સંવાદ




શ્રી ટી.એસ. બિષ્ટ, IPS, DGP CID (ક્રાઈમ અને રેલવે), શ્રી એ.એસ. ગેહલોત, IPS, IGP (ઈન્ટેલિજન્સ) અને અન્ય વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ ૨૫ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ ગાંધીનગર સ્થિત ભારતીય કોસ્ટ ગાર્ડના ક્ષેત્રીય વડામથકની મુલાકાત લીધી હતી. DGPને ઈન્સ્પેક્ટર જનરલ એ.કે.હારબોલા, TM COMCG (NW) એ આવકાર્યા હતા અને સંક્ષિપ્ત પરિચય આપ્યો હતો. સંવાદ દરમિયાન અધિકારીઓએ લગભગ સમાન ઓપરેશન સંબંધિત મુદ્દાઓ અને મરીન પોલીસની તાલીમને લગતા મુદ્દાઓ પર એજન્સીઓ વચ્ચે પરસ્પર સહકાર વિશે ચર્ચા કરી હતી.

## નાગપંચમી પર્વનું પર્યાવરણની દ્રષ્ટિએ વિશેષ મહત્વ

# નાગપંચમીએ સાપ- નાગને ચોખ્ખા ઘીનો દીવો શા માટે?

શ્રાવણ વદ પાંચમ એટલે નાગપંચમી. કૃષિપ્રધાન ભારતમાં ખેતીવાડીને નુકસાન કરતા ઉંદરોના ભક્ષક તરીકે સાપ – નાગનું સદીઓથી વિશેષ મહત્વ છે.

ભારતીય જ્યોતિષ તથા ધર્મશાસ્ત્રમાં પાંચમ તિથિનો સ્વામી (અધિપતિ) નાગ છે. વર્ષ દરમિયાન લગભગ મોટા ભાગની પાંચમ તિથિ ભારતના કોઈને કોઈ પ્રદેશમાં નાગપંચમી તરીકે પૂજાય છે. બંગાળ તથા કેરાલા એ નાગપૂજાના પ્રધાનક્ષેત્ર ગણાય છે. દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રના અમુક વિસ્તારોમાં શ્રાવણ સુદ પાંચમને દિવસે નાગપંચમી ઉજવાય છે. જ્યારે બાકીના મોટાભાગનાં ગુજરાતી વિસ્તારોમાં રક્ષાબંધન – બળેવ પછીની અને જન્માષ્ટમી પહેલાની પાંચમ (વદ પાંચમ) નાગપંચમી તરીકે ઉજવાય છે.

દક્ષિણ ભારતના ઘણાં મંદિરોમાં નાગદેવતાની મૂર્તિની પ્રતિષ્ઠા કરેલી હોય છે. આપણે ત્યાં ખોડિયાર માતાની કૃપા કે બાધાથી જન્મેલ વ્યક્તિને ખોડીદાસ, બહુચર માતાની બાધાથી જન્મેલ વ્યક્તિને બહેચરદાસ અને મહાકાળી- કાળકા માતાની કૃપા કે બાધાથી જન્મેલ વ્યક્તિનું નામ કાળીદાસ રાખવામાં આવતુ હતું. આ જ પરંપરા મુજબ નાગદેવતાની કૃપા કે બાધાથી જન્મેલ વ્યક્તિનું નામ નાગજીભાઈ રાખવામાં આવતુ હતુ. તેથી જ પશુપાલકો તથા માલધારી સમાજમાં નાગજીભાઈ નામ વિશેષ જોવા મળે છે.

આપણા પૂર્વજોને જ્ઞાન હતું કે નાગ –સાપને રૂ- કપાસ- કપાસિયા તથા ચોખ્ખા ઘીની વાસ ગમતી નથી તેથી જ્યારે માનવીના રહેણાંકની નજીકમાં સાપ આવ્યો હોય ત્યારે ઘીનો દીવો અથવા કપાસિયા-ઘીનો ધૂપ કરવામાં આવે છે. પર્યાવરણની દ્રષ્ટિએ સાપને માનવ વસ્તીથી દૂર કરવા- ભગાડવા માટેનો આ સાત્વિક- નિર્દોષ ઉપચાર છે જેને ધર્મ સાથે- પૂજ્ય ભાવ સાથે જોડી દેવામાં આવ્યો છે.

ભવિષ્ય પુરાણ નામના ધર્મગ્રંથમાં બાર પ્રકારના નાગકુળો જણાવ્યા છે.

જે આ પ્રમાણે છે. (૧) અનંત (૨) વાસુકી (૩) શંખ (૪) પદ્મ (૫) કંબલ (૬) કર્કોટક (૭) અશ્વતર (૮) ધૃતરાષ્ટ્ર (૯) શંખપાલ (૧૦) કાલિય (૧૧) તક્ષક (૧૨) પીગલ.

જ્યારે કૃષિ જ્યોતિષ – પરંપરાગત હવામાનશાસ્ત્રનાં ગ્રંથોમાં બાર પ્રકારના મેઘના નામની સાથે બાર પ્રકારના નાગ સાંકળવામાં આવ્યા છે. સંવત્સરની ગણતરીના આધારે દર વર્ષે કયા નાગનું પ્રભુત્વ (ઋતુવૈજ્ઞાનિક પ્રભાવક અસરો) રહેશે તે અંગે રસપ્રદ વિગતો મળે છે. હવામાનશાસ્ત્રનાં આ બાર પ્રકારના નાગના નામ સહેજ અલગ પડે છે . (૧) સુબુધ્ધ (૨) નંદસારી (૩) કર્કોટક (૪) પૃથુશ્રવ (૫) વાસુકી (૬) તક્ષક (૭) કંબલ (૮) અશ્વતર (૯) હેમમાલી (૧૦) નરેન્દ્ર (૧૧) વ્રજદ્રષ્ટ (૧૨) વૃષ.

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ નગરના ગ્રામદેવતા વાસુકી નાગ છે. ધાધલ કુળના કાઠી દરબારોના કુળદેવતા પણ વાસુકી નાગ મનાય છે. નરસિંહ મહેતાના નાગદમન કાવ્યમાં કાલિય નાગનું વર્ણન છે. પરીક્ષિત રાજાની સાથે તક્ષક નાગની કથા ધર્મશાસ્ત્રમાં જોવા મળે છે. કેટલાક પ્રદેશોમાં સર્પદંશથી મૃત્યુ પામનાર વ્યક્તિનું શ્રાધ્ધ નાગપાંચમને દિવસે કરવાનો રિવાજ છે.

નાગ સાથે અનેક કથાઓ સંકળાયેલી છે. માત્ર ગુજરાતની વાત કરીએ તો ગુજરાત- સૌરાષ્ટ્ર - કચ્છમાં જ નાગ સાથે જોડાયેલા સ્થળનામો (ગામ)ની સંખ્યા ૩૪ (ચોત્રીસ) જેટલી છે. જેમાં નાગડકા, નાગડોળ, નાગતર, નાગધરા, નાગનેશ, નાગફણા, નાગપુર, નાગલપર, નાગલપુર, નાગલોડ, નાગવદર, નાગવાસણ, નાગવીરી વગેરે નોંધપાત્ર છે.

જખવાડા, ગમાનપુરા,થુલેટા વગેરે સ્થળે નાગદેવતાના મેળા યોજાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સાપ- નાગ ખરેખર દૂધ પીતા હોવાનું જાણ્યુ નથી. પ્રાણીશાસ્ત્રીઓ સ્પષ્ટ કહે છે કે નાગ-સાપ દૂધ પીતા નથી. નાગપાંચમના દિવસે મદારી તથા ભિક્ષુકોની ખોટી માગણીઓને તાબે થવું નહી., પરંતુ સુંદરવન તથા ઈન્દ્રોડા પાર્ક- ગાંધીનગર જેવી સંસ્થાઓની મુલાકાત લેવી જોઈએ. બાળકોને તથા નવી પેઢીને સાપ- નાગ જેવી સર્પસૃષ્ટિ અંગે સાચી જાણકારી આપવાના હકારાત્મક પ્રયત્નો કરવા જોઈએ.

ભૂપેન્દ્ર નરસિંહભાઈ ધોળકિયા (વીરમગામવાળા)
સંયોજકઃ પંચાંગ ખગોળ અધ્યયન મંડળ,અમદાવાદ
મો. ૯૮૭૯૫ ૬૨૯૨૬

# બગસરા નાગરિક બેંકના સ્થાપક પુ અરજણબાપાની સેવાને જીવંત રાખવા સહકાર પેનલ બેંકની ચુંટણીમા જંપલાવશે

નાગરિક બેંક ના સ્થાપક અને સ્વપ્ન દ્રષ્ટા મુરબ્બી અ .નિ .અરજણભાઈ વેલજીભાઈ પટેલ દ્વારા નાગરિક બેંક ની સ્થાપના ૧૯૮૩ મા કરવામા આવી હતી તેમની આગેવાની નીચે અને સુઝબુઝ થી બધા વર્ગો ને સાથે રાખી બિન રાજકીય વહીવટ થી બેંક ને પ્રગતિ ના ઉચ્ચ શિખરે લાવેલ છે આવીજ પરંપરા અને અભિગમ સાથે સહકાર પેનલ દ્વારા આગામી પાંચ વર્ષ માટે યોજાનારી નવા ડાયરેક્ટર ની ચુંટણી મા ઉમેદવારી કરેલ છે પારદર્શક અને શુદ્ધ વહીવટ નાણાંકીય સુરક્ષા માટે સહકાર પેનલના પંદર ઉમેદવારે ઉમેદવારી નોંધાવી છે જેમા બાર (૧૨) સામાન્ય તેમજ બે (૨) સ્ત્રી ઉમેદવારો તેમજ એક (૧) એસ.સી. ઉમેદવાર મળી કુલ પંદર ઉમેદવાર સહકાર પેનલે જાહેર કરેલ છે

આ તકે યાદ અપાવવુ જરૂરી છે કે પુ .અરજણબાપા એ બગસરા મા ઘણીબધી સંસ્થાઓ આપી છે જેમાની એક નાગરિક બેંક છે અન્ય સંસ્થાઓ લેઉવા પટેલ સમાજ માર્કેટીંગ યાર્ડ

જુથ વિવિધ સહકારી મંડળી તેમજ સમુહ લગ્ન ના પ્રણેતા પણ છે સલામ છે પુ.અરજણબાપાને કે બગસરા શહેરને આવડી મોટી સંસ્થાઓ આપવા બદલ

સ્ત્રી ઉમેદવાર પ્રભાબેન સુરેશભાઈ માંગરોળીયા

રસીલાબેન દેવરાજભાઈ ભેસાંણીયા સહકાર પેનલ ના ઊમેદવાર છે

# ભારત માતા સંગઠન ગુજરાત પ્રદેશ તથા હરિયાણા દ્વારા વિશ્વ હિન્દુ પરિષદ ના દિલીપ ભાઈ ને અભિનંદન પત્ર



વિશ્વ હિન્દુ પરિષદ ના ઉપક્રમે ગાંધીનગર ખાતે સેક્ટર - ૭ માં ભારત માતા મંદિર ની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિતે આજે ગાંધીનગર ખાતે રથ યાત્રા ઉમિયા માતાજી ના મંદિરે થી નીકળી સેક્ટર - ૬ સંત શિરોમણિ રવિદાસ જી મંદિર, સૌરાષ્ટ્ર પટેલ ની વાડી થઈ નિજ મંદિર પહોંચી હતી. ભારત માતા મંદિરે ભગવાન ની રથ યાત્રા નું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં ભારત માતા સંગઠન ગુજરાત પ્રદેશ ના અધ્યક્ષ શ્રી ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા તથા શ્રી પી ડી મિત્તલ અધ્યક્ષ હરિયાણા દ્વારા આજ રોજ શ્રી દિલીપ ભાઈ ત્રિવેદી ગુજરાત ક્ષેત્ર અધ્યક્ષ વિશ્વ હિન્દુ પરિષદ ને, શ્રી અશોક ભાઈ, તમામ સદસ્યો, શ્રી રાજુ ભાઈ ઠાકર, શ્રી અશ્વિન ભાઈ પટેલ, હર્ષદભાઈ ગોલેટવાળા અને નવીન ભાઈ પટેલ ને શ્રી કાંતિ ભાઈ પટેલ એડવોકેટ ઈન્ડિયન લાયન્સ, શ્રી મહેન્દ્ર ભાઈ ચૌહાણ ઈંડિયન લાયન્સ સાથે રહી તેઓની ઉપસ્થિતિમાં વિશ્વ હિન્દુ પરિષદ ના તમામ રાષ્ટ્ર પ્રેમીઓ ને અભિનંદન પાઠવ્યા હતા અને પત્ર એનાયત કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમ માં પૂજા ચાલતી હતી અને દરેક વ્યક્તિ ને પ્રસાદ ની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કાર્યક્રમ ત્રણ દિવસ સુધી ચાલશે. ત્રીજા દિવસે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવશે.

ડૉ ગુલાબચંદ પટેલ



પૂજ્યપાદ તિલકાયત ગોસ્વામી શ્રી રાકેશજી મહારાજશ્રી અને ચિરંજીવ ગોસ્વામી શ્રી વિશાલ બાવા સાહેબના આશીર્વાદ અને હુકમોથી આજે શ્રીનાથજી મંદિર ઉદયપુરમાં શ્રી ધ્રુવ બારીના નવીનીકરણ/ઝીણોદ્ધાર ના શુભ મહુર્ત નાથદ્વારાના શ્રી પાંડ્યાજી, ઉદયપુર શ્રીનાથજી મંદિરના શ્રીમાન કૈલાશજી પુરોહિત, વૈષ્ણવ સમિતિ ના સદસ્ય મહાનુભાવ અને સેવાભાવી વૈષ્ણવ જે આ સેવા ના સહભાગી બન્યા હતા ગરવીતભાઈ પારીખ, મંદિર ના વડા શ્રી સેવાદાર વૈષ્ણવ પરિષદના રાજેશ ભાઈ મહેતાની હાજરીમાં પૂર્ણ થયા હતા.

# વરસાદ ખેંચાવા થી મહીસાગર જિલ્લા ના ખેડૂતો ઉપર છવાયા ચિંતા ના વાદળ.

મહીસાગર જિલ્લામાં ચાલુ સાલે બેઠેલા ચોમાસાના બે માસ પુરા થવા આવ્યા છે છતાં હજુ સુધી ઘરના નળીયા મા પણ પાણી ભરાય એટલા પણ મેઘ રાજા વરસ્યા નથી. હવે લગભગ જીલ્લા મા ડાંગર ની ખેતી મુખ્ય થઈ ગઈ છે ત્યારે ખેડૂતો એ જેમ તેમ કરીને ડાંગર ની ખેતી ઊભી કરી છે. વરસાદ પર વિશ્વાસ રાખીને જગતના તાત એવા ખેડૂતો આકાશ તરફ મીટ માંડી ને બેઠા છે. પરતું મેઘરાજા ના કોઈ સંકેત મળતા નથી. બીજી બાજુ ખેડૂતો ની જીવાદોરી હોયતો તે સરકાર છે. જાણવા પ્રમાણે સરકારે પણ સિચાઈ ના પાણી નહિ મળે એવા એધાણી જણાવ્યા છે. વરસાદ ન પડે તો ખેડૂત માટે શું કરવું તેનો સરકારકોઈ માસ્ટર પ્લાન પણ બનાવે તેવુ લાગતું નથી .. ખરેખર સરકાર ના કૃષિ મંત્રી ને પોતાને મળેલ ખાતા માટે ફરજ બજાવવા નો મોકો છે.એવુ ખેડૂતો ઈચ્છી રહ્યા છે. સરકાર રે ખેતી માટે વિજળી આપી પણ વિજળી એકલી થી ખેતી પાકે ખરી? સરકારપાણીની મોટરના માલિક ને તો પૂછો એક કલાક નો ભાવ કેટલો લો છો તો ખબછર પડે. જો વરસાદ ખેડૂતો ની વહારે ન આવે તો ખેડૂત ચારે બાજુએ થી મુશ્કેલીઓ મા ફસાઈ જાય તો નવાઈ નહી!. હવે ખેડૂતો નો એક આવાજ સંભળાય રહ્યો છે કે અમને બચાવો. કેઅમારી ખેતી બચાવો.

રિપોર્ટ.. ભીખાભાઈ માછી મહીસાગર

# IPS સહીત પેરા મિલેટરીદળોમાં દિવ્યાંગોની ૪ ટકા અનામત દૂર થતા દિવ્યાંગોમાં આક્રોશ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

તાજેતરમાં કેન્દ્ર સરકારે આઈપીએસ,આરપીએફ અને તમામ પેરા મિલેટરી દળો બીએસએફ,આઈટીબીપી,આસામ રાઈફલ્સ સીઆરપીએફ, સીઆઈએસએફમાં દિવ્યાંગોને અપાતી ૪ ટકા અનામત રદ કરી દઈ દિવ્યાંગો માટે ચોંકવનારો નિર્ણય લીધો છે દિલ્હી સહીત અન્ય કેન્દ્રશાસીત પ્રદેશની પોલીસમાં પણ દિવ્યાંગોને હવે પછી ૪ ટકા અનામતનો લાભ નહિ મળેનું જાહેરનામું કેન્દ્ર સરકારે બહાર પાડતા દિવ્યાંગોમાં સરકારના નિર્ણય સામે ભારે રોષ પ્રવર્તી રહ્યો છે ત્યારે અરવલ્લી જીલ્લામાં રાષ્ટ્રીય વિકલાંગ પાર્ટીના સદસ્યોએ જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપી અન્ય સરકારી વિભાગોમાં દિવ્યાંગોની અનામત વધારવામાં આવેની માંગ કરી હતી જીલ્લામાં દિવ્યાંગો માટે હકની લડાઈ લડતા દિવ્યાંગ અગ્રણીઓ કેન્દ્ર સરકારના નિર્ણય સામે ચુપકીદી સાધી લેતા દિવ્યાંગોમાં આક્રોશ જોવા મળી રહ્યો છ. રાષ્ટ્રીય વિકલાંગ પાર્ટીના સદસ્યોએ જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસએબીલીટી એક્ટ ૨૦૧૬ની કલમ-૩૪ માં કરાયેલી બાદબાકીથી દિવ્યાંગોને ઘોર અન્યાય થયો છે કેન્દ્ર સરકારના નિર્ણયનો ભારે વિરોધ કરી રહ્યા છીએ આ નિર્ણય અંગે સરકાર ફેર વિચારણા કરે અને દિવ્યાંગો ની અનામત દૂર થતા અન્ય સરકારી વિભાગોમાં આરક્ષણ વધારવામાં આવેની માંગ કરી હતી

## અમેરીકાના કેલિફોર્નિયા સ્થિત

# વૈષ્ણવ સમાજ ઑફ અર્વાઈન શ્રીનાથજી હવેલી ખાતે હિંડોળા ઉત્સવ ની ઉજવણી કરવામાં આવી




વૈષ્ણવ સમાજ ઑફ સધર્ન કેલિફોર્નિયા × ( VSOSC ) સંચાલિત શ્રીનાથજી હવેલી, અર્વાઈન ખાતે હિંડોળા ઉત્સવ ઉજવાઈ ગયો. પુષ્ટિ સંપ્રદાય માં અષાઢ વદ-૧ થી શરૂ કરીને શ્રાવણ વદી-૨ સુધી પ્રભુના સ્વરુપ ને હિંડોળે ઝુલાવવામાં આવે છે. હિંડોળા ઉત્સવ એટલે શ્રીજી ને હેત થી હિંડોળે ઝુલાવવાનો ઉત્સવ, ચાર યુથાધિપતિઓના ભાવથી આઠ આઠ દિવસ એમ કુલ - ૩૨ દિવસ શ્રી હરી હિંડોળે ઝુલે છે. ૧૬ દિવસ ઠાકોરજી ના અને ૧૬ દિવસ સ્વામીનિજીના એમ કુલ ૩૨ દિવસ યુગલ સ્વરુપની ભાવનાથી હિંડોળા ઉત્સવ થાય છે.

શ્રીજી ના હિંડોળા લાકડા,સોનું કે ચાંદીના બનાવવામાં આવતા હોય છે, અને તેને વિવિધ દિવસો એ ફળફળાદિ, સૂકામેવા , શાકભાજી , પવિત્રા , ઝરી , મોતી , કાચ , રાખડી , વગેરે થી સજાવીને બનાવવામાં આવે છે. શ્રીનાથજી હવેલી, અર્વાઈન ખાતે પણ ૩૨ દિવસ સુધી ખૂબ જ ભક્તિભાવ પૂર્વક વિવિધ વૈષ્ણવો દ્વારા જૂદાજૂદા હિંડોળા રચવામાં આવ્યા હતા અને શ્રીજીને ભાવ પૂર્વક હિંડોળે ઝુલાવવા ભક્તોએ પવિત્ર માસમાં અનેરો લાભ લીધો હતો.

હવેલીના મુખ્ય દાતા હંસાબેન પટેલ , તથા હિતેશભાઈ હાંસલિયા , નિશિદ પટેલ , તથા ઉદય શાહ અને શિતલ શાહ વગેરે એ સમગ્ર માસ દરમ્યાન ખૂબ જ ખંત પૂર્વક આ હિંડોળા ઉત્સવને સફળ બનાવવામાં જહેમત ઉઠાવેલ... સૌ ને જયશ્રી કૃષ્ણ.....

( માહિતી :- ગુણવંત પટેલ અને તસ્વિર :- કાન્તિ મિસ્ત્રી , કેલિફોર્નિયા )

# આસામના મુખ્યમંત્રીના નિર્ણયમાંથી અન્ય રાજ્યોએ બોધ લેવો !:- હિંદુ જનજાગૃતિ સમિતિનું આવાહન

## ‘આસામમાં મંદિરનાં પૂજારીઓને ૧૫ હજાર રૂપિયા અર્થસહાય્ય આપવાના નિર્ણયનો સ્વાગત !



આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વ સરમાએ કોરોનાને લીધે બાધિત થયેલા રાજયના હિંદુ પૂજારીઓને અને નામઘરોને (નાના મંદિરોને) ૧૫ હજાર રૂપિયાની કોરોના સહાય્ય નિધી આપવાનો લીધેલો નિર્ણય સ્તુત્ય છે અને હિંદુ જનજાગૃતિ સમિતિ તેમના આ નિર્ણયનો સ્વાગત કરે છે. આ પહેલાં પણ ધાર્મિક સ્થળોના ૫ કિ.મી. પરિસરમાં માંસના વેચાણ પર પ્રતિબંધ નાખવાનો તેમણે નિર્ણય લીધો હતો. આવા પ્રકારનાં નિર્ણયોમાંથી અન્ય રાજયોએ બોધ લેવો, એવું આવાહન હિંદુ જનજાગૃતિ સમિતિએ કર્યું છે.

કોરોના મહામારીને કારણે ગત દોઢ વર્ષ બધુંજ ઠપ થઈ ગયા જેવું છે. અનેકોનો રોજગાર બંધ છે. સર્વ ક્ષેત્રોમાંનું ઉત્પન્ન ઘટી ગયું છે. તેમાં મંદિરોનો પણ સમાવેશ છે. કોરોનાને લીધે મંદિરમાં આવનારાં ભક્તોનું પ્રમાણ ઘણું ઓછું થઈ ગયું હોવાને કારણે મંદિરોનું ઉત્પન્ન અત્યલ્પ થઈ ગયું છે. તેથી અનેક મંદિરોમાં પૂજારીઓની સંખ્યા ઓછી કરવી પડી છે. પરિણામે મંદિરો પર અવલંબિત રહેલા પૂજારીઓને મોટા આર્થિક સંકટનો સામનો કરવો પડે છે. આવા સમયે પૂજારીઓને ૧૫ હજાર રૂપિયાની સહાય્ય કરવાથી કેટલાંક પ્રમાણમાં દિલાસો મળશે. હિંદુ જનજાગૃતિ સમિતિએ મહારાષ્ટ્રના મંદિરો માટે કોરોના કાળમાં આ પ્રકારે સહાય્ય કરવાની માગણી કરી હતી.

કેવળ લઘુમતિના નામ હેઠળ દેશમાંના અનેક રાજયોમાંના મદરસાઓ અને મસ્જિદોમાં કામ કરનારાં ઈમામ, મૌલવી, અજાન આપનારાં ઈત્યાદિઓને પ્રત્યેક મહિને વિવિધ રાજયોની સરકાર દ્વારા આર્થિક સહાયતા આપવામાં આવે છે; પરંતુ તેવી સહાયતા બહુમતિ ધરાવનારાં હિંદુ પૂજારીઓને અને મંદિરોને કોઈપણ સરકારે કરી હોવાનું સામે આવ્યું નથી.

તેથી ઉલટું હિંદુઓનાં મોટાભાગનાં શ્રીમંત અને મોટા મંદિરોનું સરકારીકરણ કરીને ત્યાંની સંપત્તિ લૂંટવાનું કામ વિવિધ રાજ્ય સરકારોએ કર્યું છે. આવા સમયે મંદિરનાં પૂજારીઓને અને નામઘરોને અનુદાન આપવાનો નિર્ણય બહુમતિ ધરાવનારાઓની ભાવનાને માન આપનારું છે. આ નિર્ણયની જેમજ અન્ય રાજય સરકારોએ મંદિરોને અને ત્યાંના પૂજારીઓને સહાયતા કરવાનો નિર્ણય લેવો, એવી સમિતિની ભૂમિકા છે.

## રાષ્ટ્રીય કામધેનુ આયોગના ગૌમય રાખી, ગૌમય ગણેશ તથા ગૌમય દિપાવલી અભિયાન દ્વારા

# ગૌશાળા – ગૌ પાલકોને સ્વાવલંબી બનાવવાના પ્રયાસો થી કેન્દ્રિય મંત્રી શ્રી પુરુસોતમ રૂપાલાજી ને વાકેફ કરતા.: ડો.વલ્લભભાઇ કથીરિયા.



તાજેતર માં પશુપાલન , ડેરી અને ફિશરીઝ ના કેન્દ્રિય મંત્રી શ્રી પુરુસોતમ રૂપાલાની મુલાકાત દરમિયાન રાષ્ટ્રીય કામધેનુ આયોગની વિવિધ પ્રવૃતિઓની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને રાષ્ટ્રીય કામધેનુ આયોગ દ્વારા ચલાવવામાં આવેલા રાષ્ટ્રવ્યાપી ‘ગોમય રાખી’, ‘ગોમય ગણેશ અભિયાન‘ તથા ‘ગૌમય દિપાવલી‘ અભિયાનની પ્રચંડ સફળતા તેમજ અન્ય આનુષાંગીક ગતિવિધીઓ તથા આ અભિયાન થકી ગૌસેવા—ગૌઆધારીત ઉદ્યોગોના ક્ષેત્રમાં કાર્ય કરી રહેલી દેશના વિવિધ વિભાગો તથા સંસ્થાઓ સાથેના જોડાણ સંદર્ભમાં વિસ્તૃત ચર્ચાઓ કરાઈ હતી. ‘ગોમય રાખી અભિયાન‘ ની પ્રચંડ, ગરીમામય સફળતાથી પ્રેરાઈને આગામી દિવસોમાં દેશીકુળના ગાયોના ગોબરમાંથી નિર્મિત ગોમય મૂર્તિઓ (ગણેશ,દેવી—દેવતાઓ જેમ કે લક્ષ્મી , શારદા, દુર્ગા, શ્રી કૃષ્ણ, શ્રીરામ, મહાવીર, બુધ્ધ વિગેરે), કિચેન, ટેબલપીસ, કેલેન્ડર, ઘડીયાળ, ફ્રેમ, ચંપલ, લાભ—શુભ, પ્લેટસ, જેવી અનેક વસ્તુઓનું નિર્માણ કરનારાઓને પ્રોત્સાહીત કરી, તેમજ માર્ગદર્શન આપી ભારતના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ગ્રામ વિકાસ, ગૌ પાલકોને સમૃદ્ધ કરવાના, મહિલા—યુવાનોને રોજગાર, આત્મ નિર્ભર ભારત, વોકલ ફોર લોકલ, પર્યાવરણ રક્ષાના આહવાનમાં ગૌ સેવાના માધ્યમ થી સહભાગી બનવા અનુરોધ કર્યો હતો. આ નિરંતર રાષ્ટ્રવ્યાપી અભિયાન થકી ગૌશાળા—પાંજરાપોળો અને ખેડૂતોને છાણ સહીતની પંચગવ્ય પ્રોડકટસનું પુરતું મુલ્ય પણ મળતુ થશે.

આખા ભારતમાં નિઃસહાય (રખડતી) ગાયો, પશુઓનો પ્રશ્ન વિકટ બન્યો છે. આ સમસ્યાના સમાધાન માટે દેશના દરેક તાલુકામાં ગૌ અભ્યારણ્ય, ગૌઆશ્રય ધામ, ગૌશાળા જેવા નામોથી અને સરકારના વિવિધ વિભાગો અને યોજનાઓનું સમન્વય કરી તેમજ સામાજીક, સેવાભાવી, ધાર્મિક સંસ્થાઓને સાથે લઈને પી.પી.પી. મોડલ, જનભાગીદારીનાં માધ્યમથી ગૌધામનું નિર્માણ સ્થાનીક સ્તરે જ કરવામાં આવે. જયાં સ્થાનીક મહિલાઓ, યુવાનો જોડાય અને રોજગારી પ્રાપ્ત કરે. તેમજ ગૌમૂત્ર, ગોબરના વેંચાણ થકી આવક પણ મેળવે અને સાથોસાથ આ ગૌશાળા પણ લાંબા ગાળે સ્વાવલંબી બને. વધુમાં આ ગૌધામમાં આશરો આપાયેલ રખડતી ગાયોને પુરતા પ્રમાણમાં આરોગ્યવર્ધક ખોરાક, સારવાર આપીને ફરીથી તેમને તંદુરસ્ત બનાવવામાં આવે અને જયારે અને જે ગાયો તંદુરસ્ત બને તેમને ફરીથી કૃષિ, પશુપાલન વિગેરે કાર્ય માટે સમાજને ભેટ આપવામાં આવે. આવા કેન્દ્રોમાં સારી નસલના ધણખુંટ પણ પ્રાપ્ત થાય તે પ્રકારની વ્યવસ્થા ઉભી કરવામાં આવે. તે માટે ના પ્રયાસો રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ ચેરમેન ડો. વલ્લભભાઈ કથીરીયા દ્વારા તેમના કાર્યકાળ દરમિયાન કરવામાં આવેલ વગેરે વિષયોની વિગતવાર ચર્ચા કેન્દ્રિય મંત્રી શ્રી પુરુસોતમ રૂપાલાજી સાથે કરવામાં આવી.

આ પ્રસંગે ડો. કથીરિયાએ રાષ્ટ્રીય કામધેનુ આયોગના બે વર્ષના કાર્યકાળ દરમિયાન કરેલ કામગીરી અંગેની “ગૌ સેવા ... રાષ્ટ્ર સેવા...” બુક માનનીય મંત્રી શ્રી પુરુસોતમ રૂપાલાજી ને અર્પણ કરી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK